# لسان الدعوة العلوية

# લિસાનુદ્દાઅવતિલ અલવીયહ

# Lisaan ud-Da'wat il Alaviyah (LDA)

## અલવી બોહરા ની ઝબાન

## A Language of Alavi Bohra

**૨ ઝુલહિજ્જહ ૧૪૩૭ / ૩-૯-૨૦૧૬**


મુકાસિરૂદ્દાઅવત મોહંમદ નૂરૂદ્દીન
અલ-વિઝારતુલ અલવીયહ,
બદરી મોહલ્લા, વાડી,
વડોદરા - ૧૭.
મોબાઈલ - ૯૨૨૭૫૯૮૯૦૯

ઈમેલ - **raasulhudood@yahoo.com,**
**md.m.muruddin44@gmail.com**
વેબસાઈટ - **www.alavibohra.org**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | અલવી બોહરા કોમનો ઉદય અને ભાષાનો વિકાસ | ૧ |
| ૨. | કેટલાક ચૂંટેલા શબ્દો | ૩ |
| ૩. | રીતિરિવાજો<br>જન્મ, મરણ, લગ્નપ્રસંગ, મિસાકપ્રથા | ૩ |
| ૪. | અલવી કેલેન્ડર | ૬ |
| ૫. | બોહરા સમાજના મહિના, તેની ખાસિયતો અને તહેવારો | ૬ |
| ૬. | ગુજરાતી અને બોહરા ભાષાના શબ્દોમાં તફાવત<br>સંબંધો, ઘરેલું વસ્તુ, શરીર, જાનવર-પક્ષી, રોજિંદા વસ્તુ,<br>નાના વાક્યો, ખાવાની વસ્તુ, ભાવનાઓ, વાર અને સમય,<br>મિશ્ર શબ્દો | ૧૦ |
| ૭. | શબ્દ સમૂહ - કહેવતો | ૧૩ |
| ૮. | શિષ્ત-અદબનું વર્ણન | ૧૪ |
| ૯. | વેપાર, વ્યવસાય, પોશાક, જમણ | ૧૪-૧૫ |
| ૧૦. | સલામ - પ્રણામ | ૧૫ |
| ૧૧. | બાળકોની ગમ્મતના બોલ | ૧૫ |
| ૧૨. | ઈસ્લામ ધર્મના મૂળ સિદ્ધાંતો | ૧૬ |
| ૧૩. | **LDA** ને જીવંત રાખવા માટેની કોશિશો | ૧૬ |
| ૧૪. | ગુજરાતી ભાષાના અમુક અક્ષરોનો **LDA** માં બદલાવ | ૧૭ |
| ૧૫. | રંગો અને ક્રિયાવિશેષણ | ૧૭ |
| ૧૬. | અરબી અને ગુજરાતી ભાષાના અક્ષરો મળીને લ્દઉઁ માટે<br>કઈરીતે મદદરૂપ થયા | ૧૮ |
| ૧૭. | **LDA** ના ત્રણ વિષયોં જેનું ગુજરાતીમાં રૂપાંતર ને સાથે<br>ભાષાંતર કરવામાં આવ્યું છે. આ સાથે તેમાં રહેલા અરબી,<br>ઉર્દુ અને ફારસી ભાષાના શબ્દો પણ અલગ કોઠામાં<br>બતાવવામાં આવ્યા છે | ૨૧ |
| ૧૮. | ૪૧ માં દાઈસૈયેદના ફખરૂદ્દીન સાહેબની **LDA** માં ત્રણ કવિતાઓ<br>જેનું ગુજરાતીમાં રૂપાંતર અને ભાષાંતર કરવામાં આવ્યું છે. તેમાં<br>અરબી, ઉર્દુ અને ફારસી ભાષાના શબ્દોને અલગ કરવામાં આવ્યા છે | ૨૭ |
| ૧૯. | ૩૧ માં દાઈસૈયેદના બદરૂદ્દીન સાહેબની કિતાબ માંથી **LDA** માં<br>એક પાનાનો નમૂનો જેનું ગુજરાતીમાં રૂપાંતર કરવામાં આવ્યું છે | ૩૩ |
| ૨૦. | વડોદરામાં ૩૭ માં દાઈસૈયેદના શમ્સુદ્દીન સાહેબને લખવામાં આવેલો<br>**LDA** માં એક પત્ર જેનું ગુજરાતીમાં રૂપાંતર કરવામાં આવ્યું છે | ૩૪ |
| ૨૧. | સુરતમાં ૩૫ માં દાઈસૈયેદના નૂરૂદ્દીન સાહેબે લખેલો **LDA** માં પત્ર<br>જેનું ગુજરાતીમાં રૂપાંતર કરવામાં આવ્યું છે | ૩૬ |
| ૨૨. | સંદર્ભ - **References** | ૩૮ |
| ૨૩. | **Team LDA** | ૩૮ |

# અલવી બોહરા કોમનો ઉદય અને ભાષાનો વિકાસ

અલવી બોહરા જમાઅત શાંતિપ્રિય, વતનપરસ્ત, વેપારી અને તાઅલીમ યાફતા કોમ્યૂનિટી છે, જે ઈસ્લામના શીઆ-ઈસ્માઈલી પંથમાં માને છે. ઈસ્લામના આખિરી પયગમ્બર મોહંમદ મુસ્તફાના પછી તેમની આલ-ઔલાદ માંથી ૧૮ માં ફાતેમી ઈમામ અલ-મુસ્તનસિર બિલ્લાહ (૪૮૭ હિ. / ૧૦૯૪ ઈ.સ.) માં મિસિર-ઈજિપ્તમાં ફાતેમી ગાદી પર બિરાજમાન હતા. તેમના ઝમાનામાં તેમના ફરમાનથી મૌલાઈ અહમદ ધર્મના પ્રચાર તથા વેપાર વાસ્તે ગુજરાતના કાંઠે (ખંભાત) પધારા. ત્યારે સિદ્ધરાજ જયસિંહનું રાજ હતું અને ગુજરાતમાં ઈસ્માઈલી કૌમના લોકો વસવાટ કરતા હતા પણ ખૂબ જ ઓછી સંખ્યામાં હતા. આ ફાતેમી ઈમામોના પ્રતિનિધિઓ યમનમાં પણ હતા. મૌલાઈ અહમદ પછી જે જે ઈસ્માઈલી પ્રચારકો ઈજિપ્તથી કે યમનથી ગુજરાત આવા તેમની મૂળ અને મુખ્ય બોલી એરેબીક હતી. તેથી ધર્મના પ્રચાર માટે તેઓએ ગુજરાતમાં રહેતા ઈસ્માઈલી લોકોનો સહારો લઈને તે સમયે બોલાતી ગુજરાતની લોકલ-મકામી ઝબાન શીખી લીધી. આવું પણ બન્યું કે ધાર્મિક જ્ઞાન મેળવવા ઘણા બાધા લોકો ગુજરાત માંથી હિજરત કરીને દાઈસાહેબ (ઈમામના પ્રતિનિધિ) પાસે યમનમાં જવા લાગ્યા. આ મુજબ ૧૦ મી સદી હિજરી / ૧૬ મી સદી ઈ.સ. માં બન્યું.

૨૧ માં ઈમામ અત્તૈયેબના ૫૨૮ હિ. માં મિસિરથી પડદે થયા પછી યમનમાં તેમના નાઈબ જેને દાઈ કહે છે, તેમને આત્મીયતા અને પવિત્રતા માટે ધાર્મિક મિશન જેને દાઅવતે હાદીયહ તૈયેબીયહ કહે છે, ચાલું કીધું. યમનમાં આ ધાર્મિક મિશન ૫૩૨ હિ. થી ૯૭૪ હિ. (૧૧૩૮ ઈ. - ૧૫૬૭ ઈ.) તક પહેલા ધર્મગુરૂ(દાઈ) સૈયેદના ઝોએબ થી ૨૪ માં ધર્મગુરૂ સૈયેદના યુસૂફ તક ચાલું, જે દૌરાન હિંદ-સિંધ પ્રાંતમાં જેમ જેમ ઝરૂરત પૈશ થાતી ગઈ તેમ તેમ લોકોના ધાર્મિક જ્ઞાન, ક્રિયા અને ઘરેલુ બાબતોની સમઝ આપવા વાલી-મુલ્લાને નક્કી કરવામાં આવતા. જ્યાં જ્યાં ઈસ્માઈલી લોકોની વસ્તી હોય ત્યાં ત્યાં એક જ્ઞાની અને દીનદાર મુલ્લા સાહેબ હોય જે યમનના દાઈસાહેબના ફરમાનથી ધર્મ-સંસાર ચલાવતા. ગુજરાત અને તેના આસપાસના ઈલાકાઓમાં આ ઈસ્માઈલી જમાઅત, વેપાર અને વહેવારમાં ઉત્તમ અને પ્રગતિશીલ હોવાના લીધે, બોહરા (બેનમૂન કૌમ) ના નામથી પ્રખ્યાત થઈ. તેથી તેઓની ઈસ્માઈલી તૈયેબી બોહરાના નામથી ઓળખાણ થઈ.

એવું પણ બનેલું છે કે, ૯ મી અને ૧૦ મી સદી હિજરીમાં યમનથી, જ્યાં અરબી ઝબાનનું ચલણ હતું, દાઈ સાહેબના ફરમાનથી તેમનું ખાસ પ્રતિનિધિ મંડળ ગુજરાતમાં આવતું અને તેઓ યહઁના વાલી મુલ્લાંને દાઈ તરફથી અગત્યના સૂચનો આપતા, ધાર્મિક પરિક્ષા લેતાં, મદ્રસાનું નિરિક્ષણ કરતાં, હુશિયાર બચ્ચાંઓને અરબી ઝબાન શિખાવતા અને જો તેઓને લાગતું તો તે બચ્ચાંઓના માઁ-બાપને રાઝી કરીને ઉચ્ચ ધાર્મિક શિક્ષણ આપવા માટે બચ્ચાંઓને યમન પણ લઈ જાતા. આ રીતે યમન, હિંદ અને સિંધના રિશ્તા મઝબૂત થાતા ગયા અને વાણીનું પણ એકબીજામાં મિશ્રણ થાતું ગયું. ગુજરાતી ભાષાના મુખ્ય ઢાંચા હેઠળ નવા-નવા અરબી-ફારસી-ઉર્દૂના શબ્દો ઉમેરાતા ગયા અને લોકોની ઘરગથ્થુ બોલીમાં તે કાયમ માટે વપરાતા થઈ ગયા.

૨૪ ધર્મગુરૂઓ પછી જ્યારે આ ધાર્મિક મિશન-દાઅવતે હાદીયહ તૈયેબીયહની ગાદી ૯૭૫ હિ. માં અહમદાબાદમાં નકલ થઈ અને ૨૫ માં દાઈ સૈયેદના જલાલ ગાદીનશીન થયા, ત્યાર પછી ઈસ્માઈલી તૈયેબી બોહરા જમાઅતમાં અરબી મિશ્રણવાલી ગુજરાતી ઝબાન બોલાતી હતી, તે દાઈસાહેબની સીધી દોરવણી અને પ્રોત્સાહનના લીધે પ્રચાર અને પ્રગતિના રસ્તે ચાલતી થઈ ગઈ. દાઈ સાહેબના સંદેશા, પત્ર વહેવાર, અંગત જ્ઞાનપ્રાપ્તિ અને અધ્યયન, દરબારીઓ-પૈશ ઈમામ-મુલ્લાં સાહેબો સાથે ધાર્મિક વહેવાર અરબી ભાષામાં થાતા હતા. પણ આમ લોકો સાથેના મામલાત, તઅલ્લુકાત, ફરમાન અને પ્રવચનો અરબી પ્રેરિત ગુજરાતી ભાષામાં થતા હતા, જેને " લિસાનુદ્દાઅવતિલ અલવીયહ " નું નામ પછીથી આવનાર વડોદરાના ધર્મગુરૂઓએ ઈનાયત કીધું.

એટલે કે, " લિસાનુદ્દાઅવતિલ અલવીયહ " (**LDA**) નો સફર ઈજિપ્તથી શુરૂ થયો, તે પછી યમન, પછી અહમદાબાદ તે પછી વડોદરામાં ૩૨ માં ધર્મગુરૂ સૈયેદના ઝિયાઉદ્દીન સાહેબ(૧૧૧૦ હિ. / ૧૬૯૯ ઈ.) થી આજ તક ૪૫ માં ધર્મગુરૂ સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ તક ચાલું છે. અહમદાબાદમાં ૨૯ માં દાઈ સૈયેદના અલી સાહેબ ૧૦૪૬ હિ. / ૧૬૩૭ ઈ. માં શહીદ થયા પછી આપના નામ પરથી અલવી બોહરા કોમ્યૂનિટીની પહેચાન છે. આજે તેમની સંખ્યા લગભગ ૮૦૦૦ ની છે. ૩૨ માં ધર્મગુરૂએ અહમદાબાદથી વડોદરા ૧૧૧૦ હિ. માં સ્થાળાંતર (હિજરત) કીધા પછી એક જ જગા પર એટલે કે વડોદરામાં જ અલવી બોહરા જમાઅતનું સેન્ટર છે અને કૌમની હર ફેમિલીનું મકાન વડોદરામાં મૌજૂદ છે. હર ઘરમાં આજે **LDA** બોલાય છે. મદ્રસામાં ૬ વર્ષ માટે આ માતૃભાષાની તાઅલીમ આપવામાં આવે છે. હર વખત તેને બોલવા પર ભાર મુકવામાં આવે છે. ધર્મગુરૂ લોકો સાથે આ જ ઝબાનમાં વાતચીત કરે છે. ૧૩ વર્ષથી મિશ્કાતુલ હાદી નામનું દ્વિમાસિક કૌમી અખ્બાર આ જ ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે.

જો કે હાલમાં કૌમ માંથી કેટલાક મુંબઈ, ભરૂચ, નવસારી, અંકલેશ્વર તથા લંડન, કેલિફોર્નિયા, અબુધાબી, રિયાદ, શારજાહ, દમામ, મક્કા, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવા સ્થળોએ વસવાટ કરી રહ્યા છે. પરંતુ તેમની ભાષા અને બોલી વ્યવ્હારમાં વપરાય છે એવી શુદ્ધ ગુજરાતી પણ નથી કે હિન્દી, અરબી કે ફારસી પણ નથી. પરંતુ આ તમામ ભાષાનું મિશ્રણ સમી એક આગવી

બોલી જેની મુખ્ય લિપિ અરબી છે પણ બોલી ગુજરાતી છે. તેમાં પારસીઓની ભાષા જેવી મિઠાશ તો છે જ ઉપરાંત ગુજરાતીની સમૃધ્ધ શબ્દસંખ્યા ઉપરાંત ફારસી અને ઉર્દુ-અરબીની ભાવચિકતા અને ભાવનાત્મકતા પણ છે.

પયગમ્બર મોહંમદ મુસ્તફા (૧૧ હિજરી / ૬૩૨ ઈ.સ.)

↓

અલી મુરતઝા (શીઆ)(૪૦ હિજરી / ૬૬૧ ઈ.સ.)

↓

૫ માં ઈમામ અસ્સાદિક (૧૪૮ હિ. / ૭૬૫ ઈ.)

↓

ઈમામ ઈસ્માઈલ (શીઆ ઈસ્માઈલીઝ) | મૂસા કાઝિમ (શીઆ ઈસ્નાઅશરીઝ)

↓ (ઈમામ ઈસ્માઈલ)

૧૮ માં ઈમામ અલ-મુસ્તનસિર (૪૮૭ હિ. / ૧૦૯૪ ઈ.)

↓

ઈમામ અલ-મુસ્તાઅલી (મુસ્તાઅલવીઝ) | નિઝાર (નિઝારીઝ - આગાખાની)

↓ (ઈમામ અલ-મુસ્તાઅલી)

૨૧ માં ઈમામ અત્તૈયેબ (૫૨૮ હિ. / ૧૧૩૪ ઈ.) માં મિસિરથી પડદે થયા.

↓

ઈમામના નાઈબ(દાઈ) નો સિલસિલો યમનમાં ચાલુ (તૈયેબીઝ)

↓

૨૪ દાઈઓ યમનમાં થયા. (૫૩૨ હિ.-૯૭૪ હિ. / ૧૧૩૮ ઈ.-૧૫૬૭ ઈ.)

↓

તે પછી અહમદાબાદમાં

↓

૨૬ માં દાઈ (૯૯૭ હિ. / ૧૫૮૯ ઈ.)

↓

૨૭ માં દાઈ સૈયેદના દાઉદ (દાઉદી બોહરા) | સુલેમાન (સુલેમાની બોહરા)

↓ (૨૭ માં દાઈ સૈયેદના દાઉદ)

૨૮ માં દાઈ (૧૦૨૧ હિ. / ૧૬૧૨ ઈ.)

↓

૨૯માં દાઈ સૈયેદના અલી (૧૦૪૬ હિ. / ૧૬૩૭ ઈ.) (અલવી બોહરા) | તૈયેબજી (દાઉદી બોહરા)

અલવી બોહરા પ્રજા મોટેભાગે વેપારી પ્રજા, શાંતિપ્રિય અને મધુરવાણી / મધુરભાષી પ્રજા તરીકે ઓળખાય છે. તેમની ભાષાની મીઠાશ વડે તેઓએ વેપારમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. જેમકે વેપારમાં જ્યારે કોઈ ગ્રાહક મોઢું બગાડી ચીજવસ્તુ લેવાની ના પાડે ત્યારે બોહરા વેપારી ભાઈઓ કહેશે, "કંઈવાત નહી બીજી વાર પણ બેસો તો ખરા, ચા-પાણી શરબત પીઓ, ખરીદી ક્યાં જાય છે? બીજીવાર ખરીદજો." આમ મીઠી વાણીથી ગ્રાહકનું મન મોહી લઈને એકને બદલે બે ગણી ખરીદી કરાવી દેશે.

## કેટલાક ચૂંટેલા શબ્દો

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| કામ | અમલ | નિશાની | આસાર |
| સૂરજ | આફતાબ | મારા ભાઈ | અખી |
| થાપણ | અમાનત | ઔલાદ (સંતાન) | આલ |
| આપ (આપવું નું ધાતુ રૂપ) | આલ | સબક | ઈબરત |
| તાકત | ઈસ્તેતાઅત | કબુલ કરવું | ઈકરાર |
| ફરમાન, હુકમ | ઈરશાદ | તકલીફ | ઉઝર |
| લાયક | કાબિલ | ઘણી ઊંચી | ઉમદા, આઅલા |
| અડચણ | ખલલ | નિંદા કરવી | ગીબત કરવી |
| ડૂબવું, આથમવું | ગુરૂબ | ખુલ્લુ | ઝાહિરી |
| કહ્યા મુજબ કરવું | તાબેઅ | વારંવાર કહેવું | તાકીદ |
| ઊગવું | તુલૂઅ | ભૂલ | ગફલત |
| નસીબ | ફરાહમ | છુપેલું | બાતિની |
| જૂઠું | બાતિલ | સબબ-કારણ | બાઈસ |
| માંગવું | તલબ | કોશિશ | તદબીર |
| ધ્યાન | તવજ્જોહ | બે ગણા | દુગ્ના |
| ચોખ્ખાઈ, સફાઈ | નઝાફત | ઊતરવું | નાઝિલ |
| ખામી કાઢવી | નુક્તાચીની | નાપસંદ, દૂરી રાખવી | પરહૈઝ કરવું |
| લિસ્ટ | ફહેરિસ્ત | ખુશખબરી | બશારત |
| સમાજ | મઆશેરો | વિષયો | મઝામીન |
| અલગ | મુખ્તલિફ | વહેવાર | મુઆમેલાત |
| સામનો | મુકાબલો | બે નસીબ, કમનસીબ | મહેરૂમ |
| બિરાજમાન | મુસ્તવી | સાચું | હક |
| અગણિત | લાતાઅદાદ | ખબરદાર | વાકિફ |
| જરૂરી | વાજિબ | દલીલ | હુજ્જત |
| ભિખારી | સાંઈ, સાઈલ, ફકીર | રાંધવું | પકાવવું |

## રીતિરિવાજો

➡ **જન્મ :** જન્મ જેને વિલાદત તરીકે ઓળખાવાય છે. તેમાં જન્મ સમયે બાળકને ચામડી પર હલકા તેલથી માલિશ કરી રૂની ગાદીમાં લઈ એના સાંધાઓને બાંધી દેવાય. ત્યારબાદ તેના જમણા કાનમાં અઝાન ને ડાબા કાનમાં ઈકામત કહેવાય. (અઝાન અને ઈકામત એ નમાઝ પઢતી વખતે પઢાય છે.) જન્મના સાતમા દિવસે બાળકનું નામ રાખવામાં આવે છે જે દાઈ સાહેબ આપે. (હાલના દાઈ-ધર્મગુરૂ સૈયદના વ મૌલાના હાતિમ ઝકીયુદ્દીન સાહબ છે.) તેમાંથી નામ પસંદ કરીને નામકરણની વિધિ કરાય.

જેમાં ફઈજી સાહેબા ટોકરી લઈ જાય. જેમાં બે પાન (નાગરવેલના), બે સોપારી, ગોળ, કાજલ, કાળા દોરા, સફેદ ઝભલું, ટોપી વગેરે તૈયાર કરે.

બાળકને હાથમાં લઈને ફઈજી વિધિ કરે અને ફઈજીને જરૂરી લાગે તે ભેટ આપે. આ સાથે જન્મના ૭ માં કે ૧૪ માં કે ૨૧ માં

દિવસે બાળકનો અકીકો થાય. જેમાં હજામ બાળકના માથાના વાળ સાફ કરે અને જાનવરની કુરબાની થાય. વાળના વજન મુજબ સદકો-દિક્ષા આપવામાં આવે.

➡ **મરણ :** પુરૂષના મરણ બાદ તેની પત્ની ઈદ્દત બેસે. સફેદ કપડાં પહેરે. ઘરેણાં ન પહેરે. ઘરની બહાર ન નીકળે. પરપુરૂષનું મોઢું ન જોઈ અને ઘરની બારી-બારણાને સફેદ કપડાં / કાગળથી બંધ કરાય. આ સમય ૪ મહિના અને ૧૦ રાત છે, મરનાર પુરૂષ પાછળ ત્રીજા દિવસે, ચાલીસ દિવસે, છ મહિને અને વરસે જમણવાર રખાય જેના માટેનાં નામો નીચે મુજબ છે.


ઝમરણ બાદ :

- ૨ જો દિવસ - બીજીયું
- ૩ જો દિવસ - ઝિયારત
- ૪૦ દિવસે - ચાલીસમું
- ૪ મહિના ને ૧૦ દિવસ - છમાસી / અપ્રભંશ થઈને હાલ - છમ્મઈ
- ૧ વરસે - વરસી
- પછીના દર વર્ષે - દહાડો / અપ્રભંશ થઈને હાલ - ધારો

આ તમામ પ્રસંગે સગાંવહાલાના જમણવાર કરાય છે.

દર વર્ષે અવસાન થયું હોય તે તારીખે સગાંવહાલા, ઓળખીતા તેમજ મિત્રોને ત્યાં મિઠાશ જેવી કે માવાના સમોસા, ગુલામજાંબુ, કોપરાપાક વગેરે મરનારના ફાતેહા પઢવા (આત્માની શાંતિપ્રાપ્તિ માટે પ્રાર્થના) માટે મોકલવાનો રિવાજ છે.

➡ **લગ્નપ્રસંગ :**




**❋ સગાઈ કરવા માટેના પગથિયાં :**

- છોકરાવાળાં છોકરીવાળાને ત્યાં જઈને પોતાના છોકરાની માહિતી આપે છે.
- છોકરીવાળા તેમની પાસે મહેતલ (સમય) માંગે અને પોતાની રીતે તપાસ કરે.
- છોકરો-છોકરી એકબીજાને મળે, પસંદ કરે, પછી જ "હાઁ" કહે. ના પસંદ પડે તો ના પણ કહી શકે. ત્યારબાદ સગાઈ નક્કી થાય.
- સગાઈ ક્યાં કરવી તે સમઝ ના પડે તો દાઈસાહેબને ત્યાં આવે.

**❋ સગાઈના દિવસે :**

વરપક્ષ તરફથી બધી બહેનો (કાકા-મામા-માસી-ફોઈની દીકરીઓ) દીકરીવાળાને ત્યાં જાય . સગાઈ થવાની હોય તે દીકરીને વીંટી પહેરાવવાની રસમ થાય. વીંટી જમણા હાથમાં વરની સગી બહેન પહેરાવે.

દીકરીવાળા દીકરાવાળાને ત્યાં સોધાનનું નું (જે હમણા અપભ્રંશ થઈને સોદાન્નું થયું છે) થાળ મોકલે. આ વાનગી ચાવલ, ખાંડ, દહીં અને ડ્રાયફ્રુટથી બનાવાય છે. ત્યારબાદ એકબીજાની સાથે હળે-મળે. પ્રસંગે-તહેવારે એકબીજાની ત્યાં જાય.

સગાઈ નક્કી થયા બાદ તરત જ દીકરાવાળા દીકરીવાળાને ત્યાં ૧૦૦૦ રૂ., મિઠાઈ અને લાલ કપડામાં વીંટાળીને રૂપિયો (શુકનનો રૂપિયો જેને નઝરમુકામ કહેવાય છે) આપે.

સગાઈ ૧, ૨ કે ૫ વર્ષ સુધી રહી શકે છે.

➡ **લગ્ન :** લગ્નમાં તારીખ તિથિ નક્કી કરવા દાઈસાહેબ પાસે જવાનું હોય. દાઈ તારીખ આપે તેને "ધારુ" લીધું એમ કહેવાય. તે દિવસે રવાનો હલવો બનાવી બધા સગાંવહાલાને મોકલવામાં આવે. ધારૂં લીધા પહેલા બેવે પક્ષવાળા ગુઝરેલા ધર્મગુરૂઓની કબરોં પર ઝિયારત વાસ્તે જાય. લગ્નવિધિ શાંતિપૂર્ણ ગુઝરે તે માટે દોઆ-પ્રાર્થના કરે. ધારામાં દાઈસાહેબ બેવે પક્ષવાળાને ફૂંક મારેલી સાકર આપે.

**✵ લગ્નની વિધિ :**

- પ્રથમ દિવસ - મજલિસ
- બીજો દિવસ - રેકતા
- ત્રીજો દિવસ - વરઘોડો
- ચોથો દિવસ - વિવાહ

લગ્ન જે તારીખે નક્કી થયા હોય તેના મહિના પહેલા સગાંવહાલા જમવા આમંત્રે જેને વાનું દીધું કહેવાય. વરપક્ષ કન્યાપક્ષ બંને બાજુના નજીકના સગાં જમવા તેડે.

મામા (દીકરી અને દીકરા) બંનેના કુટુંબને જમવા તેડે. જેને મહેંદી લગાડવાનું કહેવાય. કન્યાને તથા કન્યાની માઁ ને મહેંદી મામા મુકાવે.

- મજલિસ : પ્રથમ દિવસે કથા કરાય. સ્ત્રીવર્ગ કથા કરે દાઈસાહેબના ઘરના સ્ત્રીવર્ગ નૌહા, મરસીયા પઢે.
- બીજા દિવસે રેકતાનું બપોર અને રાત્રે જમનવાર કરાય. વરપક્ષને ત્યાં દૂધ, શરબત, આઈસ્ક્રીમ રખાય. તે રાત્રે વરપક્ષનું જમનવાર થાય.
- બીજા દિવસે (રેકતાના) દીકરીવાળાને ત્યાં ફોઈનું મહત્ત્વ રહે. ફોઈ મોટો પેણો (એક પ્રકારનું વાસણ) મુકે ને એમાં વડા (મગની દાળના ભજીયા) તળે. ફોઈને ભેટ અપાય. આ પ્રસંગ પેણો વધાવો કહેવાય.
- ત્રીજા દિવસે બપોરે વરપક્ષને ત્યાં જમનવાર હોય ત્યાંથી દીકરીવાળાને જમવાનું મોકલાય. રાત્રે દીકરીવાળાને ત્યાં જમણવાર હોય. સાંજે વર-કન્યા બંનેને પીઠી લગાડાય. પીઠી બાદ બાજઠ પર ઊભા રખાય ને વધાવાય. રાત્રે દાઈ સાહેબ નિકાહખ્વાની કરે અને વરને સહેરા પહેરાવે. આ નિકાહખ્વાનીમાં દીકરી નહીં પણ દીકરીના વાલી તેની સંમતિ લઈને નિકાહમાં બેસે.
- ત્રીજા દિવસે રાત્રે દીકરીવાળાનું જમન પતે એટલે દીકરીવાળા દીકરાવાળાને આમંત્રણ આપવા જાય. દીકરીની માઁ અને દીકરીની ફોઈ જાય. ત્યાં શરબત કે આઈસ્ક્રીમથી તેમનું સ્વાગત થાય.
- પછી વરઘોડો નીકળે અને કન્યાની સાસુ-નણંદ પહેલા કન્યાને પલ્લું પહેરાવે. (પલ્લામાં સોનાનાં ઘરેણાં, ચપ્પલ, નાળિયેર, રૂપિયો વગેરે અપાય.) ત્યારબાદ દીકરીનો ભાઈ વરનું બુટ ઉતારે. ત્યારબાદ બાજઠ પર બેસાડી સાસુ વરનો જમણા પગનો અંગૂઠો દૂધથી ધોવડાવે. ત્યારબાદ વરને સસરા (કન્યાના પિતા) ફૂલોનો હાર પહેરાવે. ફૂલોનો હાર માથાથી પગ સુધીનો જે સહેરા તરીકે ઓળખાય તે પહેરાવે. ત્યારબાદ વર કન્યાની આંગળી પકડીને ઉઠાડે અને ત્યારબાદ કન્યાની વિદાય થાય.
- તે પછીના દિવસે સવારે કન્યાને તેડું કરાય અને પછી બપોરે કન્યા પક્ષ તરફથી વિવાહનો જમણવાર થાય. તે બાદ કન્યાના મામા તેને ભેટ-સોગાદ આપે જેને મોસાળું કહેવાય.
- સામ્ય : બુટ ખેંચવા, અંગૂઠો દૂધથી ધોવો, વરનું રાતે ઘોડા પર બેસવું વગેરે.

➡ **મિસાક પ્રથા :** દીકરો કે દીકરી ૧૪-૧૫ વર્ષના થાય, પુખ્તવય પર પહોંચે ત્યારે માઁ-બાપ મિસાકની વિધિ માટે દાઈસાહેબને અરજ કરે. દાઈસાહેબ મિસાકની દોઆ પઢે અને ધાર્મિક વચન લે. અર્થાત કે ત્યારબાદ તે યુવક-યુવતી જવાબદાર થયા, પોતાના દરેક કાર્ય, પાપ, પુણ્ય માટે. તે પ્રસંગે પણ જમણવાર કરાય. મામા, કાકા, માસી, ફોઈ વગેરેને ભેટ પણ અપાય અને તેઓ પણ જે તે યુવક-યુવતીને ભેટ આપે. દીકરા-દીકરી મસ્જિદમાં આવીને નમાઝ પઢે, દરેક ધાર્મિક કે સામાજીક વિધિમાં હિસ્સો લે. મિસાક સમયે મજલિસ થાય જેમાં દાઈસાહેબ લંબાણથી દીકરા કે દીકરીને ધર્મપ્રથાઓ સમઝાવે, જન્મ પહેલા, જન્મ પછી આ દુનિયામાં અને મરણ પછીની ઝિંદગી બાબત સમઝ આપે.

જ્યારે કોઈ નવા ધર્મગુરૂ પહેલી વાર આસન ગ્રહણ કરે એટલે કે તખ્તનશીન થાય તો જમાઅતના બધા જ લોકો જે પુખ્તવયના હોય તે દાઈસાહેબ સમક્ષ મિસાક આપે. હાલમાં ૭ જુન ૨૦૧૫ ઈ.સ. ના દિવસે ૪૫ માં દાઈસાહેબ સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ તખ્ત પર બિરાજમાન થયા ત્યારે આ રસમને પૂરી કરવામાં આવી.

# અલવી કેલેન્ડર

કોઈપણ સમાજ કે ધર્મને જાણવો હોય તો તેના રિવાજોમાં વણાયેલી ઉજવણી અને તહેવારને જાણવા જરૂરી છે. તે સમાજ જે તે તહેવારની ઉજવણી ક્યારે અને કેમ કરે છે તે જાણવું પડે. બોહરા સમાજની વાત કરીએ તો વિશિષ્ટ અને નવાઈ પમાડે તેવી વાત એ છે કે તેમનું પોતાનું એક આગવું કેલેન્ડર છે. જે સામાન્ય પ્રજાને એક પણ પૈસો લીધા વિના હર સાલના પહેલા મહિના મોહર્રમમાં પુરૂં પડાય છે. જેમાંથી સમાજના દરેકને તહેવારની જાનકારી તો મળે જ છે, સાથે-સાથે ભૂતકાળમાં થઈ ગયેલા દાઈઓ-મૌલાઈઓ (ધર્મગુરૂઓ અને તેમના મહત્ત્વના સભ્યો) ની મરણતિથિ એટલે કે "ઉર્સ" ની પણ જાણકારી મળે છે. ઉપરાંત તેમાંથી નીચેની વિવિધ માહિતી પણ મળી રહે છે.

- દાઈઓની કબ્ર તેમજ ટૂંકી વિગત
- હીજરી મહિનાની તારીખ ઉપરાંત અંગ્રેજી મહિનાની તારીખ
- સૂર્યોદયનો સમય ( વડોદરા તેમજ મુંબઈ) નમાઝ માટે
- સૂર્યાસ્તનો સમય ( વડોદરા તેમજ મુંબઈ) નમાઝ માટે
- મધ્યાહનનો સમય નમાઝ માટે
- વર્તમાન સમયમાં લેવાતા દરસ (ધાર્મિક જ્ઞાનની બેઠક) નો સમય અને તારીખ
- સુવાક્યો
- નવારૂં - હર મહિનામાં એવો એક દિવસ કે જેમાં અશુભ સમય છે.
- લાલ રંગમાં મોટા દિવસો અને રાતોની વિગત કે જેમાં મોટી નમાઝો પઢાય.
- રોઝા (ઉપવાસ) ની તારીખો અને નામ
- દરેક મહિનાની વિગતવાર માહિતી
- ધર્મગુરૂઓ-મહત્ત્વના સભ્યોની જન્મતારીખ

# બોહરા સમાજના મહિના, તેની ખાસિયતો અને તહેવારો

### ૧) મોહર્રમુલ હરામ - (ઓક્ટો.-નવે.-૨૦૧૫) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ

➤ વર્ષનો પ્રથમ મહિનો જેમાં થાળ મુકવાનો રિવાજ છે. એક મોટું થાળ કુલ ૭, ૧૪, ૨૧ વાનગીઓથી ભરાય અને પ્રથમ રાતે અને દિવસે "લચકો" નામની વિશિષ્ટ વાનગી બનાવાય, જે ઘઉંના ફાડામાંથી બનાવાય છે. ઉપરાંત અલગ-અલગ જાતના ફળો તથા નમક, દૂધ, માંડા, ગોશ્ત, દહીં, માછલી, ભાત વગેરેનો પણ સમાવેશ તેમાં થાય. લીલી શાકભાજી માંથી બનેલી વાનગીઓ તથા પનીર, ઘી, કીમો, સરકો અને મધ પણ મુકાય.

➤ **ન**વું વર્ષ દરેક માટે ખુશીઓનો ખજાનો લઈને આવે પણ બોહરા સમાજમાં થોડોક વળાંક છે. ૧ દિવસ થાળ મુકાય અને બીજા દિવસથી લગભગ ૪૦ દિવસ સુધી શોક રાખવામાં આવે. ઈસ્લામ ધર્મના પયગંબર મોહંમદ રસૂલુલ્લાહ (સ.વ.) ના દીકરીના દીકરા ઈમામ હુસૈન (અ.સ.) ઈરાકમાં કરબલામાં ૧૦ મોહર્રમ હિજરી સન ૬૧ / ૬૮૦ ઈ. માં શહીદ થયા. એટલું જ નહિ તેમની સાથેના તેમના કુલ ૭૧ કુટુંબીઓ અને મદદગારો પણ શહીદ થયા અને ત્યારથી ઈસ્લામ ધર્મનું સ્વરૂપ બદલાયું. તેમના બાકી રહેલા કુટુંબીજનો પર તકલીફો અને મુસીબતોની વર્ષા થઈ. તેમને કેદી બનાવાયા અને તેમને અપમાનિત કરાયા. સ્ત્રીઓ, બાળકો સહિત દરેકને માર મારવાથી માંડીને ખુલ્લા પગે ચલાવવા સુધીના અત્યાચારો થયા. ઝાલિમ યઝીદ જે સિરિયાનો રાજા હતો તેના કહેવાથી આ ઝુલ્મો થયા.

વધુ વિગતો માટે વિકીપીડિયા પર પણ સર્ચ કરી શકાય. આ દર્દનાક કિસ્સાની યાદમાં આટલા વર્ષો પછી પણ શોક મનાવવામાં આવે છે. તેમાં કોઈ ખુશીનો પ્રસંગ કરાતો નથી. લગ્નપ્રસંગો થતા નથી. બીજા દિવસથી દસમાં દિવસ સુધી દાઈ સાહેબની કથા રાખવામાં આવે છે. જે બે પ્રકારમાં વહેંચી શકાય : ૧) વાએઝ (સવારે ૮:૦૦ વાગ્યે) અને ૨) મજલિસ (બપોરે ૩:૦૦ વાગ્યે)

- વાએઝ : જે તે સમયના ધર્મગુરૂ પ્રજાને સંબોધે. જેમાં સ્ત્રીવર્ગ, પુરૂષવર્ગ અને બાળકો પણ હોય
- મજલિસ : ફક્ત સ્ત્રીઓ માટે રખાય. ધર્મગુરૂની આજ્ઞાથી સ્ત્રીઓ વિશિષ્ટ પ્રકારના રાગ વડે ભૂતકાળમાં ઈમામ હુસૈન અને તેમના કુટુંબીજનો પર થયેલા અત્યાચારનું વર્ણન કરે અને જાણે કુટુંબીનું અવસાન હમણાં જ થયું હોય એવી ભાવનાથી રડે અને "માતમ" (બે હાથ વડે જોરથી "યા હુસૈન" કહીને છાતી પર મારવું) કરે. આ બધું વાડી બદરી મોહલ્લા, વડોદરામાં આવેલી નૂરાની મસ્જિદમાં થાય.
- મસ્જિદની બહાર પાણીની પરબ બંધાય. જ્યાં જ્યાં બોહરા સમાજના લોકો વસે ત્યાં ત્યાં તેઓ આ ૧૦ દિવસ દરમિયાન પાણી

પીવડાવે. ઈમામ હુસૈન અને તેમના કુટુંબીજનોને પાણી આપ્યા વિના શહીદ કરાયા હતા. તેથી તેમની યાદમાં પાણી, શરબત અને દૂધ પીવડાવાય છે અને ધર્મ જાતિના ભેદભાવ વિના જે આવે તેને આ દૂધ પીવડાવાય. ૧૦ માં દિવસને આશુરા કહેવાય છે.

- આ તહેવારનો સાર એ છે કે, તે ધર્મ-ત્યાગ, બલિદાન અને નમ્રતા શીખવે છે. નહિ કે નિર્દોષની હત્યા, ખુનામરકી અને બોમ્બ વિસ્ફોટ.
- **વિશિષ્ટતા :** પાણીની પરબ જે નૂરાની મસ્જિદની બહાર બાંધવામાં આવે છે તે સંપૂર્ણત ચાંદીની છે. તેનું આખું માળખું, માટલા, વાટકા, ગ્લાસ બધું જ ચાંદીનું બનાવેલું છે. આ ચાંદીની સબીલ ૭૦ સાલ પહેલા ૧૯૪૬ ઈ. માં મુંબઈમાં બનાવાઈ હતી. વધુ માહિતી તેમજ ચિત્રો માટે (**www.alavibohra.org**) પર સર્ચ કરી શકો અથવા તે મહિના દરમિયાન કથાનું જીવંત પ્રસારણ (**Live**) જોઈ શકાય છે.

➤ આ મહિનાની ૨૦ મી તારીખે સૂરતમાં ૩૫ માં ધર્મગુરૂ સૈયેદના નૂરૂદ્દીન સાહેબ (૧૧૭૮ હિ. / ૧૭૬૫ ઈ.) જે ૨૦ સાલ તક ગાદીનશીન રહ્યા તેમના ઉર્સ ખૂબ જ શાનથી મનાવાય. મોટી સંખ્યામાં જમાઅતના પુરૂષો ૨ દિવસ માટે સૂરત મુકામે હાજર રહે. ૩૫ માં દાઈએ કીધેલી સેવા અને વફાદારીની તારીખ દાઈસાહેબ લોકો સમક્ષ રજૂકરે અને ૨ દિવસ બધાનું જમણવાર થાય.

### ૨) સફરૂલ મુઝફ્ફર - (નવે.-ડિસે.-૨૦૧૫) હી.સ. ૧૪૩૭ - ૨૯ દિવસ

- પહેલા ૨૦ દિવસોમાં મૌલાના ઈમામ હુસૈનનો શોક રખાય, કથા થાય અને આશૂરાને ૪૦ દિવસ થતા ચાલીસમાનું પૂરી જમાઅતમાં જમણ થાય. આ દિવસને ચહેલુમ કહેવાય.

### ૩) રબીઉલ અવ્વલ - (ડિસે.૧૫-જાન્યુ.૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ

➤ વર્ષનો ત્રીજો મહીનો જેમાં ઈસ્લામ ધર્મના પયગંબર મોહંમદ રસૂલુલ્લાહની મીલાદ એટલે કે જન્મદિવસની ઉજવણી ૨ જી તારીખે કરાય છે.

- **વિશિષ્ટતા :** જન્મદિવસની ઉજવણી એ રીતે રહે છે કે લોકો મસ્જિદમાં જઈને નમાઝ પઢે (સ્ત્રીવર્ગ સહિત) અને એકબીજાને ઈદ મુબારક કહે. આમાં સાદગી રાખવામાં આવે છે કારણ કે આ સમાજ આ મહિનાની બીજી તારીખે જન્મની ઉજવણીમાં તો માને જ છે પણ સાથે સાથે એ જ પયગંબર સાહેબના મૃત્યુદિનની તારીખ પણ એ જ છે એમ માને છે તેથી ઉજવણી કરતા સાદગી વધારે રખાય છે. એક જ દિવસે જન્મ-મરણની તિથિમાં ઉજવણી કેવી?

➤ ૮ મી તારીખે દાઈસાહેબ જેને દાઈયુઝ્ઝમાન (હાલના સમયના દાઈ) કહે છે, તેમની સાલગિરાહ-વર્ષગાંઠ મનાવાય. બદરી મોહલ્લા ખાતે સવારે જુલૂસ નિકળે જેમાં મરદો-બાળકો હાજર હોય. મસ્જિદમાં દાઈસાહેબ તખ્તનશીન થાય. જમાઅતના ખાસ સભ્યો દાઈ સાહેબની શાનમાં કસીદા પઢે, લોકો એમના માથા પરથી નારિયેળ ઉતારે, સૂકા મેવાઓથી વધાવે, ફૂલહાર કરે, શરબત પિવડાવે, મુબારકબાદી આપે.

### ૪) રબીઉલ આખર - (જાન્યુ.-ફેબ્રુ.-૨૦૧૬) હી.સ. ૧૪૩૭ - ૨૯ દિવસ

- આ મહિનાની ૪ તારીખે ૨૧ માં ઈમામ મૌલાના અબુલ કાસિમ અત્તૈયેબનો જન્મદિન છે. મિસિરમાં ૫૨૪ હિ. / ૧૧૩૦ ઈ. માં પૈદા થયા.
- આ તારીખે ખૂબ મોટી ઉજવણી થાય.
- મદ્રસામાં પઢતા બાળકોને મિઠાઈ અપાય.
- જમણવાર રખાય.

બોહરા સમાજમાં ઈમામ અત્તૈયેબનું મહત્ત્વ એ છે કે તેઓને તેમના સમયમાં ઊભી થયેલી વિશિષ્ટ પરિસ્થિતિઓને કારણે પોતાના ખાસ સભ્યો સાથે ૫૨૮ હિ. / ૧૧૩૪ ઈ. માં ૪ સાલની ઉંમરે ભૂગર્ભમાં (સતરમાં) જવું પડયું. ત્યારબાદ તેઓના વારસદારો પણ ભૂગર્ભમાં રહ્યા અને આજે પણ પડદામાં છે. તેમણે ઈસ્માઈલી-તૈયેબી પ્રજાનું સંચાલન કરવા માટે જે સભ્યને નિમ્યા તે દાઈ તરીકે ઓળખાયા. હાલમાં જે દાઈ કાર્યરત છે તેમનું શુભ નામ સૈયેદના અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ છે અને એમ મનાય છે કે જ્યારે સમગ્ર વિશ્વમાં સચ્ચાઈ, શાંતિ અને ન્યાય સ્થાપવાનો સમય આવવાનો હશે ત્યારે તે ઈમામના વારસદારો ભૂગર્ભમાંથી પ્રગટ થશે. તેથી તેમનો જન્મદિવસ ઉજવાય છે.

### ૫) જુમાદીલ ઉલા - (ફેબ્રુ.-માર્ચ-૨૦૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ

- આ મહિનામાં પયગમ્બર સાહેબના દીકરી ફાતેમા ઝહરાના અવસાનની નોંધ લઈ ૧૨ મા દિવસે કથા (મજલિસ) અને

જમણવાર રખાય. ઘરમાં લોકો "કલમરા" - કરમો કે જે ચાવલ, ગોળ, દહીંથી બને છે તે મિઠાશ કરે.

### ૬) જુમાદીલ ઉખરા - (માર્ચ-એપ્રિલ-૨૦૧૬) હી.સ. ૧૪૩૭ - ૨૯ દિવસ

• જુમાદીલ ઉખરામાં દિવસો સામાન્ય રહે છે પણ છેલ્લા દિવસે સૂર્યાસ્તના સમયે મોટી નમાઝ જેને "વશેક" કહેવાય તે રાખવામાં આવે અને દાઈસાહેબ વિગતવાર સંબોધન કરે.

### ૭) રજબુલ અસબ - (એપ્રિલ-મે-૨૦૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ

➤ આ મહિનામાં ઘણાં બધાં લોકો આખો મહિનો રોઝા રાખે. ઘરે ઘરે તસ્બીહ (માળા) રખાય. લોકો ભેગા થાય અને માળા જપે. "યા અલી" નામનો ઉચ્ચાર કરે. આ મહિનાની ૧, ૭, ૧૩, ૧૪, ૧૫, ૨૧, ૨૭, ૩૦ તારીખે સ્ત્રીવર્ગ માટે મજલિસ રખાય. મિઠાઈ-શીરીની વહેચાય.

➤ ૧૩ મી તારીખે કાઅબામાં મૌલાના અલી મુરતઝા પૈદા થયા. તેમના માઁ સાહેબા ૧૩-૧૪-૧૫ તારીખ એમ ત્રણ દિવસ કાઅબામાં રહ્યા. આ ત્રણે દિવસ અમુક લોકો રોઝા રાખે અને ૧૫ માં દિવસે બપોરે મોટી નમાઝ હોય. મૌલાના અલી, પયગમ્બર રસૂલુલ્લાહના કાકાના દીકરા, જમાઈ અને એમના પછી ઈસ્લામ ધર્મની દોર (ગાદી) સંભાળનાર પણ છે. આ દિવસોને "અય્યામુલ બીઝ" કહેવાય એટલે કે રોનકદાર દિવસો.

➤ ૨૨ મી તારીખે ખીર-પુરી બનાવાય. માટીના ગોળકુંડામાં (પ્યાલા જેવા) ખીર-પુરી ભરીને દરેકને આમંત્રણ અપાય. પયગમ્બર અને એમના કુટુંબીજનો પર સલવાત પઢવા લોકો એકબીજાના ઘરે ખીર-પુરી ખાવા જાય.

➤ ૨૬ મી રાતે મોટી નમાઝ થાય અને તે રાતને "શબે મેઅરાજ" કહેવાય. પયગમ્બર રસૂલુલ્લાહને ખુદાએ આ રાતે ફરિશ્તાઓને જમીન પર મોકલીને "બુરાક" ની સવારી પર બેસાડીને આસ્માનો અને સ્વર્ગની સૈર કરાવી. બધા જ આગલા પયગમ્બરોંની મુલાકાત કરાવી.

➤ ૨૭ મી તારીખે ૨ વર્ષથી માંડીને દરેક વયના બાળકો, જવાનો તેમજ વૃદ્ધ રોઝા રાખે. ખાસ કરીને બાળકોને આ દિવસે રોઝા રખાવાય, ગુલાબનો હાર પહેરાવાય અને બપોરે મસ્જિદમાં બોલાવી જાત-જાતની ભેટ-સોગાદ આપવામાં આવે.

• **વિશિષ્ટતા :** જેની સગાઈ થઈ હોય તેમના માટે પણ આ દિવસ ખૂબ ખાસ હોય છે. વરપક્ષ-કન્યાપક્ષ બંને એકબીજાને ત્યાં ભેટ-સોગાદો મોકલે. જેમાં કન્યાને કપડાં, ઘરેણાં, ફળ, સુકામેવા, ચોકલેટ, આઈસ્ક્રીમ વગેરે મોકલાય. એ જ રીતે છોકરીવાળા પણ વરપક્ષને ભેટ-સોગાદો મોકલે. આજુબાજુના પાડોશી, સગાંવહાલા વગેરેને ભેટ-સોગાદો જોવા બોલાવાય.

• આ મહિનામાં ઘરે ઘર થાળ ભરીને ચોખામાંથી બનાવાતી વાનગી જેનું નામ "સોધાનનું" હતું જે હવે અપભ્રંશ થઈને "સોદન્નું" થયું છે તે બનાવાય અને તે નિમિત્તે સગાંવહાલાનો જમણવાર થાય તથા ઓળખીતાને ત્યાં આ વાનગી મોકલાય.

• કોઈ એક ગુરૂવારે સૂર્યાસ્તના સમયે "કલમરો" બનાવી પાણીની નાની ઘડી પર મુકી કાઅબા તરફ ઘરનું કોઈ એક બેસે અને ઘરના ગુઝરી ગયેલા બુઝુર્ગો અને તમામ ધર્મગુરૂઓના ફાતેહા પઢાય જેને શ્રાદ્ધ પણ કહે છે.

### ૮) શાબાનુલ કરીમ - (મે-જુન-૨૦૧૬) હી.સ. ૧૪૩૭ - ૨૯ દિવસ

• આ મહિનામાં ૧૪ તારીખે શબે બરાત મનાવાય છે. જે "શોભરાત" તરીકે પણ ઓળખાય છે. તેમાં પણ નમાઝની સાથે જ ઉજવણી થાય. આ રાતની મહીમા એ છે કે, જે પાપ કે ખરાબ કામો જાણા-અનજાણામાં થયા હોય તે માટે ખુદાતઆલા સમક્ષ તૌબા કરવાની હોય અને પાછા એવા કામો નહી કરે તેનું વચન આપવાનું છે. આ રાતની ઈબાદત અઘરામાં અઘરી હોય છે.

• **વિશિષ્ટતા :** આ તહેવારની ઉજવણીમાં પરિણીત સ્ત્રીઓને પોતાના પિયર જમવા બોલાવવાનો રિવાજ છે. દીકરી જો પરિણીત હોય તો જમાઈ-દીકરીને પિયરમાં જમવાનું આમંત્રણ મળે અને જો ફક્ત સગાઈ થઈ હોય તો વરપક્ષવાળા કન્યાપક્ષને મિઠાઈ મોકલે છે.

• **સામ્ય :** રાત્રે દરેક ઘરમાં દીવા કરાય. દીવાળીની જેમ જ ઘરના દરેક દરવાજે દીવડા મુકાય અને બે મોટા દીવડા જે "મશાલ" તરીકે ઓળખાય છે એ પણ પ્રગટાવાય.

### ૯) રમઝાનુલ મોઅઝ્ઝમ - (જુન-જુલાઈ-૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ

• વર્ષનો આ નવમો મહિનો મહત્ત્વનો ગણાય છે. આ મહિનો રમઝાન અને અલ્લાહના મહિના તરીકે ઓળખાય જેમાં ૩૦ દિવસના રોઝા રખાય. પવિત્ર કામો કરવા, સવારે વહેલા સૂર્યોદય પહેલા જમી લેવું જેને સહેરી કહેવાય અને સાંજે સૂર્યાસ્ત બાદ જમવું જેને ઈફતાર કહેવાય.

• ખોટું કામ નહિ કરવું. પવિત્ર કામો કરવા, જેવા કે દાઈ સાહેબને ઝકાત આપવી, ગરીબોંને જમાડવા, કુરઆનનું પઠન કરવું, સેવાભાવી સંસ્થાઓને દાન આપવું, રોઝદાર લોકોને ઈફતારી કરાવવી.

• આ મહિનાની ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨ તારીખ મહત્ત્વની છે, જેમાં ખાસ ઈબાદત હોય અને મોટી સંખ્યામાં લોકો રાતે મસ્જિદમાં આવે.

➤ ૨૨ તારીખે જાગરણ હોય જેમાં રાત્રે ૯:૦૦ વાગ્યા થી સવારના ૬:૦૦ સુધી સૌ કોઈ મસ્જિદમાં ભેગા થઈ નમાઝ પઢે, ઈબાદત (પ્રાર્થના) કરે, દાન આપે. આ રાતને લયલતુલ કદરની રાત કહેવાય છે.

• આ મહિનાની ખાસિયત એ છે કે, અડધી રાતે લોકો નમાઝ માટે ભેગા થાય અને એક ખાસ ધુનમાં દોઆ પઢાય. આ નમાઝ નિસ્ફિલ્લૈલ તરીકે પણ ઓળખાય છે.

**૧૦) શવ્વાલુલ મુકર્રમ - (જુલાઈ-ઓગસ્ટ-૧૬) હી.સ. ૧૪૩૭ - ૨૯ દિવસ**

• આ મહિનાની પહેલી તારીખે "રમઝાન ઈદ" મનાવાય છે, જેને ઈદુલ ફિતર પણ કહે છે.

• જેમાં લોકો નવાં કપડાં પહેરે, એકબીજાના ઘરે જાય અને "ઈદ મુબારક" કહીને ઈદની શુભેચ્છા પાઠવે, એકબીજાની ભુલોને માફ કરાવે.

• આ દિવસે બધા જ ઘરોમાં સ્ત્રીવર્ગ એક ખાસ પ્રકારની વાનગી, "શીરખુરમો" બનાવે, જે દૂધ, સેવ, ખારેકના ટુકડા, સુકો મેવો, ઘી અને કિશમિશથી બનાવાય, બધા ઘરવાલા એકસાથે બેસીને પીવે. નાના બાળકોને ભેટ રૂપે રોકડા પૈસા આપવામાં આવે.

**૧૧) ઝુલકાઅદતિલ હરામ - (ઓગ.-સપ્ટે.-૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ**

➤ અલવી બોહરા સમાજના સ્થાપક સૈયદના અલીના ઉર્સ મુબારક (અવસાન દિવસ) આ મહિનામાં આવે. તે દિવસ નમાઝ પઢાય અને ઘણાં લોકો તેમની કબર પર ઝિયારત કરવા જાય, જે અમદાવાદમાં હતી અને બાદમાં દાઉદી બોહરાના દાઈના કહેવાથી તોડી નખાઈ છે. શ્રધ્ધાનો વિષય છે. લોકો તેમની હાલમાં તોડેલી કબર જ્યાં સપાટ જમીન છે ત્યાં ફુલ ચડાવે, મિન્નત માને.

➤ ૧૦ મી તારીખે ૩૨ માં દાઈ સૈયેદના ઝિયાઉદ્દીન સાહેબનો ઉર્સ મુબારક આવે છે. આ ધર્મગુરૂ અહમદાબાદથી વડોદરા ૧૧૧૦ હિ. / ૧૬૯૯ ઈ. માં હિજરત કરીને આવા. આ દિવસ લોકો ઝિયારત વાસ્તે જાય અને એમની કુરબાનીને યાદ કરે.

• આ જ મહિનામાં હજયાત્રાની તૈયારી કરાય.

**૧૨) ઝુલહિજ્જતિલ હરામ - (સપ્ટે.-ઓક્ટો.-૧૬) હી.સ. ૧૪૩૭ - ૩૦ દિવસ**

➤ આ મહિનાની ૧૦ તારીખે બકરી ઈદ તરીકે ઓળખાતી "ઈદુલ અઝહા" મનાવાય. જેમાં બકરા, ઘેટાં જેવા નર જાતિના પ્રાણીઓની કુરબાની આપવામાં આવે છે. હ. ઈબ્રાહીમ અને હ. ઈસ્માઈલ નબીની યાદમાં આ ઈદ મનાવવામાં આવે છે. મક્કામાં લોકો હજ્જ પઢે છે.

➤ ૧૮ મી તારીખે બપોરે મોટી નમાઝ હોય છે. આ દિવસે મક્કા અને મદીનાના વચમાં આવેલી ગદીરે ખુમ્મ નામની જગામાં મૌલાના અલીને પયગમ્બર રસૂલુલ્લાહે પોતાની જગા પર નીમા. મુસલમાનોના મૌલા બનાવ્યા. ઈસ્લામમાં આસ્થાનું આ મૂળ છે. પુખ્તવય પર પહોંચતા પુત્ર-પુત્રીનો મિસાક દાઈ સાહેબના પવિત્ર હાથે માઁ-બાપ લેવડાવે છે. આ તારીખે વર્ષમાં એકવાર જમાઅતના બધા જ સ્ત્રી-પુરૂષ દાઈસાહેબને મિસાક આપે છે.

**✵ વર્ષમાં મહિના પ્રમાણે સામ્ય :**

• ચોઘડિયાં જોવાનો રિવાજ

• શુભ દિન, વાર, તારીખ, સમય જોવાનો રિવાજ

• કેલેન્ડરમાં ચોઘડિયાં લખેલા હોય છે. સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય પ્રમાણે ચોઘડિયાં ગણાય.

• કુલ ૭ સિતારાને દિવસના ૧૨ કલાક અને રાતના ૧૨ કલાકના ચોઘડિયામાં વહેંચવામાં આવા છે. દરેકને માટે ૧ સિતારો નક્કી થયેલો છે. એમ ૭ દિવસ અને ૭ રાતના અલગ-અલગ સિતારા ફાળવવામાં આવા છે. આ સિતારા નૈક (સારા), બદ (ખરાબ) કે વહેવારૂં હોઈશકે.

• કેલેન્ડરમાં મહત્ત્વના દિવસો લાલ રંગથી બતાવાયા છે.

## સંબંધો

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| ભાઈ | ભાય | પપ્પા | બાવાજી |

(ધર્મગુરૂ એટલે કે દાઈ સાહેબ માટે આકા મૌલા / બાવાજી સા'બ / બાવાસાહેબ શબ્દ વપરાય છે.)

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| મમ્મી | માઁસાહેબા (ધર્મગુરૂના પત્ની માટે પણ "માસા'બ" સંબોધન વપરાય છે) | | |
| બહેન | બેન | બહેનોઈ | બનેવી |
| નણંદ | નનન્દ | સાળા | સાલો / સાલા સાહેબ |
| જમાઈ | જુમઈ / જુમાઈ | પત્ની | ઝવજા / બૈરો |
| પતિ | શૌહર / મરદ / ખાવિંદ | સાસુ | સાસુમાઁ |
| દાદી | દાદીમાઁ | દાદા | દાદાજી સાહેબ |
| મમ્મીના મમ્મી | નાનીમાઁ / મોટામાઁ | મમ્મીના પપ્પા | નાનાજી / મોટા પપ્પા |
| સાળાની પત્ની | ભાભી | ભાઈની પત્ની | ભાભી |
| માસી | માસી | માસા | માસાજી |
| મામા | મામા | મામી | મામી |
| ફોઈ | ફોઈજી / ફઈજી | ફુઆ | ફુઆજી |
| કાકા | કાકાજી (મોટા ભાઈ-નાના ભાઈ બન્ને માટે) | કાકી | કાકી |
| વહુ | વઉ | પુત્રીનો પુત્ર | નવાસો |
| પુત્રીની પુત્રી | નવાસી | કાકી સાસુ | કાકી |
| મામી સાસુ | મામી | કાકા સસરા | કાકા |
| મામા સસરા | મામા | ફુઆ સસરા | ફુઆજી |
| ફોઈસાસુ | ફોઈજી | દિયર | દિયર (દેવર પણ કહેવાય) |
| જેઠ | જેઠ / ભાઈ | જેઠાણી | ભાભી |
| સ્ત્રી | બૈરો | સ્ત્રી માટે વપરાતો શબ્દ (બેન) | બુ જેમકે સકીનાબુ, સારાબુ |
| પુરૂષ | મરદ | પુત્રી | દીકરી, છોકરી |
| પુત્ર | દીકરો, છોકરો | એક જ માઁ ના સંતાન | માઁ જાયા |
| સાવકાં | મતરાયાં | | |

## ઘરેલું વસ્તુ

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| તિજોરી | કબ્બાટ, કબટ | બારણું | દરવાજો, બાન્નું |
| ઘેર | ઘરે, મકાન | થાંભલા | થામલા |
| વોશરૂમ, બાથરૂમ | મોરી, ખલા, અંગોલિયું | સંડાસની જગ્યા | પાયખાનું |
| પોળ | પોલ | પોળનો એક ભાગ | ચકલો |
| તપેલી | ટપેલી | થાળી | થાલી |
| પક્કડ | સાનસી | જાળી | જાલી |
| મરચાં વગેરે કુટવાનું સાધન | ઉખલી, મુશલી | મરચાં વગેરે વાટવાનું સાધન | ખરળબટો |
| વેલણ | વેલન | સ્ટવ | ચુલો |
| ગેસ સ્ટવ | ચુલો | સળી | સલી |
| બાટલો | બોટલ | ખૂણો | ખૂનો |

## શરીર

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| આંગળી | આંગલી | માથું | માથ્થું, સિર |
| વાળ | બાલ | જીભ | જબાન |
| નાક | નાક | ગળું | ગલું |
| કાન | કાન | પેટ | પેટ |
| ગરદન | ગરડન | કમર | કમ્મર |
| છાતી | છાતી | હોઠ | હોટ |
| મોં | મહોં | હાથની કોણી | કોની |
| દાઢી | ધારી | કપાળ | પેશાની |

## જાનવર-પક્ષી

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| ઘોડો | ઘોરો | ગધેડો | ગધેરો |
| હાથી | હાતી | વાઘ | વાઘ |
| જાનવર | જનાવર | પક્ષી | પરિન્દુ, પંખી |
| કીડી | કીરી | ઉંદર | ઉંદલ્લું |

## રોજિંદા વસ્તુ

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| પલંગ | ઢોલિયો, ખાટલો, ઢોલ્લી | ચંપલ | ચપ્પલ |
| સેંડલ | સેન્દલ | ચાદર | ચદ્દર |
| રજાઈ | ગોદરું | ઓશિકાં | તકીયાં |
| પથારી | તલાઈ, તલઈ | કાંસકો | કાસકો |
| હીંચકો (મોટો) | ખાટ | હીંચકો (નાનો) | ઝુલો, ખાટ |
| પારણું | ઝોલી | પંખો | પન્ખો |
| કડાં | કરાં | ચોપડી | કિતાબ |
| પગલૂછણિયું | પગદંડી | સલવાર | ઈજાર, હીજાર |
| કુર્તો | કુરતો, જુબ્બો | ઓઢણું | ઓન્ની, ઓઢની |
| થાળ | થાલ | ગ્લાસ | ગલ્લાસ, કદેહ |
| ચમચી | ચમ્મચ | રકાબી | રીકાબી |
| જાડી પથારી | ગોદરૂં | પડદાં | પરદાં |
| પથારીનું કવર | ખોલિયું, ખોલ | ઓશીકાનાં કવર | ખોલ |

## વાક્યો

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| જાવું છે | જાવુચ | થોભ | રૂક |
| આવજો | ફીઅમાનિલ્લાહ, અલ્લાહ હાફિઝ | હા (હોંકારો) | વારું |
| સારુ | વારું | દેહાંત થયું, મરી ગયા | ગુજરી ગયા, વફાત થયા |
| ખૂબ સરસ | સુબ્હાનલ્લાહ | નાહવું | ગુસલ કરવું |
| કોઈપણ | કોઈબી | કરી દીધી | કરી દીદી |
| કંઈપણ | કઈબી | એટલે શું છે? | ઈલ્લે શું છે? |
| આમ કેમ? | આમ કિમ? | કેમ છો? | કિમ છો? |

| | | | |
|---|---|---|---|
| ક્યારે આવ્યા? | કિવારે આવા? | ક્યા મળ્યા? | કાં મિલા? |
| કેટલી જગ્યાઓ ગણી? | કિતલી જગાઓ ગિની? | શું છે? | સુચ? |

## ખાવાની વસ્તુ

| **ગુજરાતી** | **બોહરા ભાષા** | **ગુજરાતી** | **બોહરા ભાષા** |
|---|---|---|---|
| પાણી | પાની | લોટ | આટો |
| મરચાં | મીરચાં | મરી | મીરી |
| તેજપત્તા | તેજાણું | અજમો | અજમો |
| ઘૂઘરા | સમોસા | રાબ | લાભરી |
| શીરો | હલવો | રોટી | રોટલી |
| પરાઠાં | પરાઠાં | તિંડોડા | ગિલોરા, ચીબડી |
| ગોબીપત્તા | કોબીજ | ફુલપત્તા | ફુલેવર |
| કેળાં | કેલા | દાડમ | દારમ |
| ગુવાર | ગવાર | તડબુચ | તરબુચ |
| ડુંગળી | પ્યાઝ | સીતાફળ | અન્નુસ |

## ભાવનાઓ

| **ગુજરાતી** | **બોહરા ભાષા** | **ગુજરાતી** | **બોહરા ભાષા** |
|---|---|---|---|
| ધીરજ | સબર | બહુ | બવ |
| ઉત્તમ | ઉમદા, બહેતરીન | વધારે | બવ બધું |
| વ્યવ્હાર | સલૂક, વહેવાર | નિંદા | બદગોઈ, ગીબત |
| શાંતિ, રાહત | સુકૂન | ઈરાદો | જઝબો |
| શુભ | નેક | અશુભ | નેસ, નહેસ |
| સારું ચારિત્ર્ય | નેક અખલાક | શરમ | હયા |
| અપવિત્ર | નાપાક | પવિત્ર | પાક |
| પ્રેમ | મહબ્બત | ઈર્ષ્યા | જલન |
| ચીડ | રીસ | ક્રોધ | ગુસ્સો |
| પરવાહ | ખયાલ | દરકાર | પરવા, તમા |
| સારવાર | ઈલાજ | નમ્ર વિનંતી | દિલી ગુઝારિશ |
| કડક સ્વભાવના | ગરમ | હલકી જાતિનું | નીચ, કજાત |
| ઊંચી જાતિનું | ખાનદાની | ભલામણ કરવી | સિફારીશ કરવી |
| રૂપાળાં | જમાલદાર, ખુબસૂરત | એડકી | હીચકી |
| પ્રણામ કરવો | સલામ કરવો | સારૂં | અવલ, અચ્છું |

## વાર અને સમય

| **ગુજરાતી** | **બોહરા ભાષા** | **ગુજરાતી** | **બોહરા ભાષા** |
|---|---|---|---|
| સવાર | ફજર | બપોર | ઝોહર |
| સાંજ | મગરિબ | રાત | રાત, લયલ |
| દિવસ | દિન, યવમ | સોમવાર | સોમવાર |
| મંગળવાર | મંગલવાર | બુધવાર | બુધવાર |
| ગુરૂવાર | જુમેરાત | શુક્રવાર | જુમોઆ |

| | | | |
|---|---|---|---|
| શનિવાર | સનિવાર | રવિવાર | રવિવાર |
| સમય, વખત | વક્ત | શુભ દિવસ | ફાઝિલ યૌમ |
| શુભ ઘડી | નેક સાઅત | વર્ષ | સાલ, વરસ |

## મિશ્ર શબ્દો

| ગુજરાતી | બોહરા ભાષા | ગુજરાતી | બોહરા ભાષા |
|---|---|---|---|
| નાશ | ફના | જન્મ | વિલાદત |
| મરણ | વફાત | પણ | પન |
| સોંપવું | સિપુર્દ કરવું | જવાબદારી | જિમ્મેદારી |
| લગ્ન | શાદી | સગાઈ | નિસ્બત |
| સંબંધ | નિસ્બત | રિવાજ | રસમ |
| આમંત્રણ | દાવત, ઈઝન | જમણવાર | દાવત |
| જમવા માટે આમંત્રણ | ઈજ્ન | દાતણ | દાતન |
| ધર્મશાળા | મુસાફરખાનું | શાળા | ઈસ્કુલ |
| પરબ | સબીલ | બજાર | બાઝાર |
| દીવો કરવો | દીવાબત્તી કરવી | કાર્ય | આઅમાલ |
| અઘરું | અગરું | તાપ | ધૂપ |
| છાંયડો | છાંવ | જાળું | જાલું |

## વારંવાર વપરાતાં શબ્દો / શબ્દસમૂહો / કહેવતો

- શોહર સરનો તાજ - પતિ પરમેશ્વર
- ખૂરચન ખાશો તો હજ જાશો - અન્નનો બગાડ નહિ કરો તો હજયાત્રાએ જવા મળશે
- દાઢીમાં હાથ નાંખવો - દોઢ ડાહ્યો
- એક નન્નો ૧૦ દુ:ખને ટાલે - એક વાર ના કહેવાથી ૧૦ મુસીબતો ટલે
- રોઝીના દરબાર ભરેલા હોવા - દૌલતમંદ હોવું
- ગધેડાને તાવ આવે તેવી વાત - પાયા વગરની વાત
- બન બેસતી પાઘડી પહેરવી - બીજા વાસ્તે કહેવામાં આવું હોય પણ પોતાના વાસ્તે સમઝી લેવું
- ચાલતી ગાડીએ ચઢવું, ટાંગ અડાડવી - વચમાં બોલવું
- મોતીયાં મરી જાવા - ના ગમે તેવી વસ્તુ થાવી, વિચારૂં ના હોય તેવું બનવું
- કરશો ખિદમત તો મિલશે જન્નત - એટલે કે માઁ-બાપની ચાકરી કરવાથી સ્વર્ગ મળશે
- નિવરો હજામ નક્ખોડ વાલે - કામ વગરનો કઈ કામ ના લાગે
- હાથ પર હાથ જુમેરાત બેસવું - કામ-ધંધા વગર બેસવું
- લબે દરિયા થઈ જવું - પાણીથી ભરાઈ જવું
- લંબા પાની કરી દેવું - તરકારી કે ચ્હામાં ખૂબ પાણી ઉમેરી દેવું
- માંઈકાંગલા જેવું હોવું - કમઝોર શરીરના હોવું
- લખલખેલો ઈલ્લેભાઈ - નકામો હોવું

## શિષ્ત-અદબનું જેમાં ખાસ ધ્યાન આપવામાં આવે છે તે નુક્તા

- પેશાબ-સંડાસ એટલે કે કુદરતી હાજત કરવા જાતા સમયની અદબો
- મસ્જિદમાં પ્રવેશવાની, બેસવાની અને નમાઝ પઢવાની અદબો
- જ્યારે કથા થાય તે સમયે બેસવાની અદબો
- જ્યારે કોઈ ધર્મગુરૂના રોજા પર કે કબર પર ઝિયારત વાસ્તે જાય તે વેળાની અદબો
- મરદ મૃત્યુ પામે તે પછી તેની પત્ની ઘરમાં ૪ મહિના ૧૦ દિવસ ઈદ્દત બેસે તેની અદબો
- જ્યારે કોઈ નવવધુ તેના પતિને ત્યાં શાદી કરીને આવે અને સુહાગ રાત હોય તે સમયની અદબો
- ઘરના બધા લોકો જમવા માટે થાલમાં બેસે તેની અદબો
- ધર્મગુરૂને મળવા કોઈ એમની દેવડી મુબારક (રહેઠાણ) પર જાય તો તે કઈ રીતે મુલાકાત કરે તેની અદબો
- કોઈનું મૃત્યુ થાય તો મૃતકના શરીરને નવડાવવાથી લઈને કફન, જનાઝો અને દફન તકની અદબો
- ઘરમાં મોટા વડીલો બેસા હોય તો બીજા લોકોને કેમ વહેવાર કરવો તેની અદબો
- કોઈ કબ્રસ્તાનમાં જાય તો તે કબરોંને દરમિયાન કેમ રહે તેની અદબો
- બાળક કોઈના ત્યાં જન્મે તો તેના નામકરણની અદબો
- દાતણ કરવાની અને નખ કતરવાની અદબો
- કુરઆન પઢવાની અદબો

## વેપાર-ધંધો

➤ હાર્ડવેર, ટીન વર્કસ, ફર્નિચર, ફોટોફ્રેમ, ચશ્મા-ઓપ્ટીકલ્સ, ઈન્ડસ્ટ્રીયલ ડક્ટીંગ, ગ્લાસ વર્કસ, લોખંડ-બિલ્ડીંગ મટેરીયલ, કાગદી-સ્ટેશનર્સ વગેરે.

## વ્યવસાય

➤ એન્જિનીયર્સ, ડૉક્ટર્સ, વકિલો, **CA**, **MBA**, લેબ ટેક્નીશીયન, કોમ્પ્યુટર પ્રોગ્રામર, **CS**, ટીચર્સ, ટ્યુટર્સ, બિલ્ડર્સ, બેન્કર્સ

## પોશાક-પહેરવેશ

- જે લોકો નમાઝ પઢાવતા હોય તે કાયમ ટોપી પહેરતા હોય.
- જ્યારે કોઈ ધાર્મિક ફંકશન હોય, ધર્મગુરૂ સાથે હોય, મસ્જિદમાં બેઠા હોય, ધર્મગુરૂના રોજા (કબર) પર ગયા હોય, તો
  મરદો, દીકરો : કુર્તો, ઈઝાર (પાયજામો), અબા (આબો), ટોપી, મોઝા
  સ્ત્રીવર્ગ, દીકરી : રિદા, રૂમાલી, મોઝા
- ઘરમાં :
  મરદો : ઈઝાર, સદરૂ (કોટનનું હાફ કુર્તુ)
  સ્ત્રી : ઘાઘરો-ઓઢણું કે કુર્તી-ઈઝાર (પંજાબી)
- બાઝારમાં :
  મરદો : પેન્ટ-શર્ટ કે કુર્તો-ઈઝાર
  સ્ત્રી : રિદા દીકરી : કુર્તી-ઈઝાર
- જ્યારે લગ્નપ્રસંગ હોય તો દુલ્હો અને દુલ્હનના પિતા ટોપીના બદલે સુનેહરી ફેટો પહેરે.
- જ્યારે મસ્જિદમાં મોટી નમાઝ હોય, મોટો પ્રસંગ હોય, દાઈ સાહેબ સાથે જમણવારમાં જવાનું હોય તો દાઈની મહેફિલ (ખાસ બેઠક) ના પહેલી લાઈનના સભ્યો ટોપીના બદલે સફેદ કોટનની પાઘડી પહેરે.
- જ્યારે દાઈ સાહેબ કોઈ ખુશીના અવસરે કોઈના ઘર પર કે મસ્જિદમાં પધારે તો સુનેહરી પટ્ટાવાળી સફેદ પાઘડી પહેરે. એક ખાસ પ્રકારના કપડાનો બનેલો સુનેહરી તારવાળો દુપટ્ટો ડાબા ખભા પર નાખે.
- હિજરી સાલના પહેલા મહિના મોહર્રમમાં ૨ જી તારીખથી ૧૦ મી તારીખ (આશુરા) તક પયગમ્બર સાહેબના નવાસા મૌલાના

ઈમામ હુસૈનની શહાદત માટે જે કથા થાય તેમાં દાઈ સાહેબ અને એમની મહેફિલના સભ્યો કોટનથી (લોન) બનેલો જામો (જામએ જમશેદ) પહેરીને મસ્જિદમાં આવે.

**જમણ**

- નાશ્તો : રોટલી, ચ્હા, મસ્કો-જેલી, મલાઈ, ઓમલેટ, મધ, ખજૂર, ઈંચાર
- બપોરે : રોટલી, ચાવલ, સોતલેલી ખિચડી, શાક, સલાડ, તરકારી (ગોશ્ત/મરઘી), મૌસમ મુજબ જે ફ્રુટ હોય તે (કેળા, કેરી, સીતાફળ), દહીં
- સાંજે ૪ વાગે : ચ્હા
- રાત્રે : ખિચડી, પલીદું (સરગવાની સીંગ, કારેલા, ગિલકું, મેથીની ભાજી, દૂધી, તુરીયું), સુરકો, ભુરૂત, કચૂમર, કઢી, પાપડી-પાપડ, ઈંચાર
- ગમીનો પ્રસંગ : દાળ-પુલાવ, ગોશ્ત-પુલાવ (ભરભરા), લાડવા, ખીર, મલીદો, મગ-ચાવલ અને મીઠી કઢી
- ખુશીનો પ્રસંગ : હલવો, મરઘી (સૂકી-લીલી), આઈસ્ક્રીમ, ખારો ગોશ્ત, ઝરદો-મુતંજન, સમોસા, બિરયાની-રાયતું, ગોશ્ત-પુલાવ, દાળ-ચાવલ, સોદન્નું, સલાડ.

## સલામ-પ્રણામ-ગ્રિટીંગ

ખુદાતઆલાના ૯૯ નામોં માંથી "સલામ" એક નામ છે. તે કુરઆનનું દિલ છે અને સ્વર્ગ છે. તેમાંથી ઈસ્લામ ધર્મ નિકળ્યું છે. "સલામ" એટલે એક મુસલમાનના આઁખથી, હાથથી અને ઝબાનથી બીજા સલામત રહે. જો તે આમ ના કરે તો તે મુસલમાન કહેવાય નહીં અટલે ઈસ્લામ ધર્મને છોડયું કહેવાય. અલવી બોહરા સમાજના હર ધાર્મિક, સામાજીક કે ઘરેલું કાર્યોનો "સલામ કરવું" તે અતૂટ હિસ્સો છે.

ધર્મગુરૂ અને એમના ઘરના સભ્યોને જમાઅતના તમામે તમામ લોકો સ્ત્રી-પુરૂષ-બાળકો સલામ કરે જેને તસ્લીમ કરવું પણ કહેવાય છે. ધર્મગુરૂ સમક્ષ હાજર થાય તો ત્રણ વાર જમણા હાથને ઝમીન પર લાંબો કરીને ઝુકે અને મોઢાથી "અસ્સલામો અલયકુમ" કહે. મિઝાજ-તબીઅત પૂછે. ધર્મગુરૂ આજ્ઞા આપે તો નજીક જઈને એમના જમણા હાથને પોતાના બેવે હાથમાં લે. તેના ઉપર સર ઝુકાવે, પછી જમણી આઁખ, ડાબી આઁખ, મસ્તક અને હોંઠ, એમ બે વાર કરે. પછી પોતાના મસ્તક અને હોંઠને એમના જમણા પગ પર ગુંઠણ તરફ મૂકે. પછી એમના જમણા હાથને બેવે હાથમાં લઈને જેમ પહેલા કીધું હતું તેમ કરે. આને કહેવાય "સલામ".

પુરૂષ પોતાના ઘરની બુઝુર્ગ સ્ત્રીઓ કે જે મહેરમદાર કહેવાય, એટલે કે તે સ્ત્રી સાથે શાદી ના કરાય, તેના સિવાય કોઈ પરસ્ત્રીને સલામ ન કરે. એ જ રીતે સ્ત્રીઓ માટે પણ કાનૂન છે. પુરૂષો જોરથી સલામ બોલે પણ સ્ત્રી ધીમા અવાજે સલામ બોલે. આ સમાજમાં જ્યાં આમ લોકો એકબીજાને મળે તો જમણો હાથ ઉંચો કરીને સલામ બોલે. દાઈ સાહેબ રસ્તામાં જાતા હોય તો લોકો પહેલા રૂકી જાય, વાહન પરથી ઉતરી જાય અને ત્રણ વાર ઝુકીને સલામ બોલે.

**સલામ ક્યાં-ક્યાં બોલે :**

- ઘરમાં પ્રવેશતા
- મદ્રસામાં પ્રવેશતા અને ક્લાસમાં ઉસ્તાદને નજીક જાતા
- મસ્જિદમાં પ્રવેશતા
- કબ્રસ્તાનમાં પ્રવેશતા
- દાઈ સાહેબની મુલાકાતે જાતા
- કોઈના ઘરે કોઈ કામસર જાતા
- રસ્તામાં જમાઅતના કોઈ મળે ત્યારે
- કોઈના સાથે પણ કોઈ વાત ચાલું કરે તે પહેલા
- કોઈ પણ જગ્યાએ ધાર્મિક સભા (મજલિસ) કે દાઈ સાહેબનું પ્રવચન ચાલતું હોય ત્યારે

## જમાઅતમાં બાળકો વર્ષોથી ગમ્મત કરતા-કરતા આ મુજબ બોલે છે

- દોસ્ત સાથે હોય ત્યારે : "અપને બે દોસ્ત, કાલ પકાયા ગોશ્ત, ગોશ્ત મેં ડાલા લિંબૂ, અપને બે હિંગૂ."

- ઈદ આવે ત્યારે : "કાલે ઈદ છે, દાદા પલીદ છે, શમ્સો કાનો, હયદર બાંદો."
- બધા બાળકો ભેગા થાય ત્યારે જમીન પર પોતાના બેવે હાથને મૂકે અને વારાફરતી બોલે :

"અન્નુક ધન્નુક, સેરાતક બાતલ ખૈરા ખૈર,
માજન તાજન પતિયા પાજન, સિલીનો ઘોરો છુટ્ટો હાથ,
રાજાને ઘેર આનૂ, બચ્ચકરે બે બાનૂ,
ભે ભે, ભેસાજીનો પાડો, સહી સલામત લાડવો,
સહીને આપી સાકર ને તેને મારી તા કર."

રમતમાં બે છોકરીઓ બેવે હાથને જોડીને ઊંચા કરે અને બીજી બધી સહેલીઓ વચમાંથી જાય. જ્યારે બોલવાનું બંધ થાય અને બેવે હાથના વચમાં જે આવી જાય તે આઉટ થઈ જાય.

"તલઈયોં ગોદરા લેવા જઈએ છે,
આમ પાછા ફરીએ છે,
જેનું સુન્નું લુટાય તે લૂંટી જાય."

## ઈસ્લામ ધર્મના મૂળ પાયા ૭ છે, જેના પર અલવી બોહરા સમાજના હર કોઈ ચાલે છે

૧) વલાયત (આસ્થા, ઈમાન) : દાઈ સાહેબને હર હાલમાં માન આપવું, ફરમાન-હુકમને કેળે લાગવું અને હર કામમાં એમની આજ્ઞા-રઝા લેવી.
૨) તહારત (પવિત્રતા, પાકી) : તમામ સમયે વુઝૂ (ખાસ પ્રકારની વિધિ જેથી પવિત્ર થવાય) ની હાલતમાં રહેવું. શરીર, કાર્ય, દિલ, નજર, વાણી, ઘર, કપડાં અને આસપાસના માહૌલને પવિત્ર રાખવું.
૩) સલાત (નમાઝ, પ્રાર્થના) : એક દિવસમાં પાઁચ સમયની નમાઝ પઢવી. વુઝૂ કીધા પછી જ નમાઝ પઢાય.
૪) ઝકાત (ધનની પવિત્રતા) : હિજરી સાલના ૯ માં મહિના રમઝાનમાં દાઈ સાહેબને ૧૦૦ રૂપિયાની બચત પર ૨.૫ રૂપિયા ધાર્મિક કર આપવું.
૫) સૌમ (રોઝા, અપવાસ) : રમઝાન માસમાં ૩૦ દિવસના રોઝા રાખવા.
૬) હજ્જ (ધાર્મિક જાત્રા) : હિજરી સાલના ૧૨ માં મહિના ઝુલ હિજ્જહમાં મક્કા-મદીના હજ્જ પઢવા જાવું.
૭) જેહાદ (ધાર્મિક બચાવ) : શયતાની કામ કરનાર લોકોની ખરાબીથી બચીને પોતાની આસ્થા અને ધર્મ સલામત રહે તે માટે કોશિશ કરવી.

## લિસાનુદ્દાઅવતિલ અલવીયહ (LDA) ને જીવંત રાખવા દાઈ સાહેબ તરફથી પ્રોત્સાહનના જે કદમો લેવાય રહ્યા છે તે આ છે

૧) ધાર્મિક પ્રવચનો
૨) "અહલુઝ ઝિક્ર" મોબાઈલ એપ્લીકેશન પર દર શુક્રવારે ધર્મગુરૂ સાહેબની મુકવામાં આવતી ૧૫ મિનિટની ઓડિયો ક્લિપ
૩) આ જ એપ પર દરરોજ પ્રકાશિત કરવામાં આવતા અલગ-અલગ અખબાર
૪) કૌમની વેબસાઈટ "**www.alavibohra.org**" ના માધ્યમથી દુનિયા ભરમાં રહેતા અલવી બોહરા સમાજ માટે મુકવામાં આવતું ધાર્મિક જ્ઞાન. જેને **LDA** સાથે મિલાવીને અંગ્રેજીમાં મુકાય છે.
૫) ૧૩ વર્ષથી પ્રકાશિત થતું દ્વિમાસિક અખબાર "મિશ્કાતુલ હાદી", જેમાં અનેક પ્રકારના વિષયોં પર પ્રકાશ પાડવામાં આવે છે.
૬) મુલાકાતીઓ સાથે દાઈસાહેબની વાતચીત
૭) મદ્રસામાં તેને શિખવા માટેનો એક અલગ કોર્સ
૮) ખુશી-ગમીના પ્રસંગના દાવતનામાં / આમંત્રણ પત્રિકા
૯) દાઈસાહેબની ઓફિસેથી અલગ-અલગ પ્રસંગે લોકોને આપવામાં આવતા માહિતી પત્ર / લિટરેચર
૧૦) લોકો સાથેનો પત્ર-વહેવાર
૧૧) હર સાલ પબ્લીશ થતી ધાર્મિક પુસ્તકો

## ગુજરાતી ભાષામાં વપરાતા અમુક અક્ષરોને LDA માં બદલી નાંખવામાં આવા છે

### ૧) "ડ" → "ર"

લાકડી - લાકરી
બિલાડી - બિલારી
હાડકું - હારકું
જકડી લેવું - જકરી લેવું

### ૨) "ળ" → "લ"

કેળા - કેલા
કાગળ - કાગલ
ઓગળી જવું - ઓગલી જવું
આંગળી - આંગલી

### ૩) "ણ" → "ન"

જમણ - જમન
લાગણી - લાગની
બારણું - બાન્નું
ગણતરી - ગિન્તી

### ૪) "શ" → "સ"

કડવાશ - કડવાસ
શાબાશ - સાબાસ
મિઠાશ - મિઠાસ
બદમાશ - બદમાસ

## રંગો (કલર્સ)

| | | | |
|---|---|---|---|
| સફેદ | બદામી | કથ્થઈ (બ્રાઉન) | કાલો |
| કેસરી | સિલિત્યા (ગ્રે) | પીલો | પોપટી |
| લીલો | લાલ | જામલી | ભુરો-આસ્માની |

## Adverb-ક્રિયાવિશેષણ

| | | |
|---|---|---|
| ફ્રૌરન - તાત્કાલિક, જલ્દીથી | જબરન - જબરદસ્તીથી | અખ્લાકન - ચારિત્રથી |
| હદીયતન - મફ્ત | ઈકરામન - ઈઝ્ઝતથી | ઝાહિરન - ખુલ્લી રીતે |
| આદતન - આદતથી | વક્તન-ફ-વક્તન - થોડા-થોડા વખતે | મોતઅમ્મેદન - જાણી જોઈને |

## અરબી ભાષાના અક્ષરો (હરફ-alphabet) ને ગુજરાતી ભાષામાં સમાવવા અને ગુજરાતીના અક્ષરો ને અરબી લીપીમાં લખવા માટે અપનાવવામાં આવેલી રીત :

અરબી ભાષાના મુળાક્ષરો (અસલી હુરૂફ) કુલ ૨૮ છે "અલિફ" થી "યા" સુધી. જે સમય સુધી દાઈ સાહેબ લોકો સાથે રોજિંદો વ્યવહાર કે ધાર્મિક ક્રિયાઓને લગતા કાર્યો અરબી ભાષા માં કરતા હતા ત્યાં તક કોઈ અડચણ કે મુશ્કેલી ન હતી, પણ જે સમય થી અરબી ભાષા સાથે ગુજરાતી અને તેમાંય ફારસી શબ્દો ઉમેરાતા ગયા ત્યારથી ગુજરાતી કે ફારસી ને અરબી લીપીમાં લખવાનુ સહેલુ બને તે માટે અરબી ના મુળ અક્ષરો સાથે બીજા અક્ષરો નો સમાવેશ કરવામાં આવ્યો. નીચે આપેલા ટેબલ પરથી જાણી શકાય છે.

| અર્થ | ગુજરાતી ઉચ્ચારણ | ઉદાહરણ | ગુજરાતી લિપી | અરબી ઉચ્ચારણ | અરબીના મુળ અક્ષરો |
|---|---|---|---|---|---|
| નમાઝ માટે નો બુલાવો | અઝાન | اذان | અ | અલિફ | ا |
| ચાંદ | બદર | بدر | બ | બા | ب |
| પુરેપુરુ | તમામ | تمام | ત | તા | ت |
| ફળ | સ઼મર | ثمر | સ઼ | સા | ث |
| ભવ્યતા | જલાલ | جلال | જ | જીમ | ج |
| ઈર્ષા | હ઼સદ | حسد | હ઼ | હા | ح |
| નોકર | ખ઼ાદિમ | خادم | ખ઼ | ખ઼ા | خ |
| લાંબુ | દરાઝ | دراز | દ | દાલ | د |
| ભેગુ કરવું | ઝખીરો | ذخيره | ઝ | ઝાલ | ذ |
| કરુણા | રેહમત | رحمة | ર | રા | ر |
| ભુમિ | ઝમીન | زمين | ઝ | ઝા | ز |
| સહેવું | સહેન | سهن | સ | સીન | س |
| લજ્જા | શરમ | شرم | શ | શીન | ش |
| ધીરજ | સબ્ર | صبر | સ | સાદ | ص |
| બાંયદારી | ઝ઼માનત | ضمانة | ઝ઼ | ઝાદ | ض |
| બળ | ત઼ાકત | طاقة | ત઼ | તોઈ | ط |
| અત્યાચારી | ઝાલિમ | ظالم | ઝ | ઝોઈ | ظ |
| દિમાગ | અકલ | عقل | અ | ઐન | ع |
| ખોટું | ગ઼લત | غلط | ગ઼ | ગૈન | غ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સવાર | ફજર | فجر | ફ | ફા | ف |
| પેન | ક઼લમ | قلم | ક઼ | કા઼ફ | ق |
| કૃપા | કરમ | كرم | ક | કાફ | ك |
| હોઠ | લબ | لب | લ | લામ | ل |
| પૈસા | માલ | مال | મ | મીમ | م |
| તારો | નજમ | نجم | ન | નુન | ن |
| અઠવાડિયુ | હફતો | هفته | હ | હા | ه |
| ભાર | વઝન | وزن | વ | વાવ | و |
| યાદ | યાદ | ياد | ય | યા | ي |

અરબી ના બે મુળ અક્ષરો સાથે મળીને બનેલા ગુજરાતી ભાષાના અક્ષરો:

| ઉદાહરણ | ગુજરાતી લિપી | અરબી ના મુળ અક્ષરો |
|---|---|---|
| ભારી بهاري | ભ | બ+હ - به |
| થાલી تهالي | થ | ત+હ - ته |
| ઝંડો جهنڈو | ઝ | જ+હ - جه |
| ધુમો دهومو | ધ | દ+હ - ده |
| ખેતર كهيتر | ખ | ક+હ - كه |

અરબી ભાષા સિવાય ના અક્ષરો સાથે મળીને બનેલા ગુજરાતી ભાષાના અક્ષરો:

| ઉદાહરણ | ગુજરાતી લિપી | અરબી ભાષા સિવાય ના અક્ષરો |
|---|---|---|
| ઠોકર ٹهوكر | ઠ | ત+હ - ٹه |
| ઢક્કણ ڈهكن | ઢ | દ+હ - ڈه |
| છાતી چهاتي | છ | ચ+હ - چه |
| ઘર گهر | ઘ | ગ+હ - گه |
| ફુલ پهول | ફ | પ+હ - په |

અરબી ભાષાના મુળ અક્ષરો માં બદલાવ લાવીને બનેલા ગુજરાતી ભાષાના અક્ષરો:

| બદલાવ | ગુજરાતી લિપી | ઉદાહરણ |
| --- | --- | --- |
| ت થી ٹ | ત થી ટ | ટામેટો ٹامٹو |
| د થી ڈ | દ થી ડ | ડકાર ڈکار |

ગુજરાતી ભાષાના તે મુળ અક્ષરો જે અરબી ભાષા માં ન હતા:

| ઉદાહરણ | ગુજરાતી લિપી |
| --- | --- |
| ચકલી چکلي | ચ - چ |
| ગાય گاي | ગ - گ |

ગુજરાતી ભાષાના તે અક્ષરો જે LDA માં વપરાતા નથી: ષ, ળ, જ્ઞ, ત્ર, ક્ષ, શ્ર, ઋ.

## લિસાનુદ્દાઅવતિલ અલવીયહ (LDA) ના થોડા નમુના ગુજરાતી માં અનુવાદ સાથે

## ١) مكة المكرمة

سيدنا حاتم بن سيدنا إبراهيم صاحبؒ ذكر كرے چھے كه، مكة شهر نو نام مكة يه سبب سي چھے كه، ا مبارك موضع ما جيم پاني پهاڑ پر سي نيچے پڑي جائي چھے تيم بنده نا گناه پڑي جائي چھے يعني تمام گناه معاف تهئي جائي چھے۔ قرآن مجيد ما مكة نے {حرم أمن} انے {بلد امين} سي ياد كرواما اْوو چھے۔ ا سوائے تأريخ ما گهنا بيجا نامو سي ا شهر نے نامزد اْوے چھے، جيم كه مكة، بكة، ام القرى، بيت حرام، بلد امين، معاد يا فاران۔

خدا تعالى يه ا عالم نے پيدا كيدو انے تهما مكة نے پوتاني عبادة كروانو پهلو گهر بناوو۔ آسمان ما {البيت المعمور} چھے جه نے شرف يه چھے كه تهنا ارد۔گرد فرشتاؤ طواف كرے چھے انے خدا تعالى يه مكة ما مولانا آدم صفي اللهؑ پر بيت الله نازل كيدا جه نا ارد۔گرد زمين پر لوگو طواف دے چھے۔ مولانا آدم بعد تمام گناهگار بنداؤ پوتانا گناهو نے بخشاووا واسطے بيت الله نا طواف دے چھے انے دعاء كرے چھے۔ ا عمل مولانا آدم نو هتو جه نا پر همين تمام چاليئے چھے۔ بيت الله نا ا حرم ما أبي قبيس نو پهاڑ چھے جه ني مشابهت ميثاق ساتھے كرواما اْوي چھے انے جه نا پر مولانا آدم انے مالاتنا حواء ني قبر مبارك چھے۔ اناسي ثابت تهائي چھے كه ا ايک پهاڑ نو وزن تو سوں، ميثاق تو ايتلو بهاري چھے كه جو حرم نا تمام پهاڑ نے جمع كرواما اْوے تو ته ميثاق ني إهميت انے تهنا وزن ني برابري نه كري سكے۔

### ૧) મક્કતુલ મુકર્રમહ (ગુજરાતી માં રૂપાંતર)

સૈયેદેના હાતિમ બિન સૈયેદેના ઈબ્રાહીમ સાહેબ, ઝિક્ર કરે છે કે, મક્કા શહેરનું નામ મક્કા એ સબબથી છે કે, આ મુબારક મૌઝેઅમાં જેમ પાની પહાડ પરથી નીચે પડી જાય છે તેમ બંદાના ગુનાહ પડી જાય છે યાઅની તમામ ગુનાહ મુઆફ થઈ જાય છે. કુરઆને મજીદમાં મક્કાને "હરમે આમિન" અને "બલદે અમીન" થી યાદ કરવામાં આવું છે. આ સિવાય તારીખમાં ઘણા બીજા નામોથી આ શહેરને નામઝદ કરવામાં આવું છે, જેમકે, મક્કા, બક્કા, ઉમ્મુલ કુરા, બયતે હરામ, બલદે અમીન, મઆદ યા ફારાન.

ખુદાતઆલાએ આ આલમને પૈદા કીધું અને તેમાં મક્કાને પોતાની ઈબાદત કરવાનું પહેલું ઘર બનાવું. આસ્માનમાં "બયતુલ માઅમૂર" છે જેને શરફ એ છે કે તેના ઈર્દ-ગિર્દ ફરિશ્તાઓ તવાફ કરે છે અને ખુદાતઆલાએ મક્કામાં મૌલાના આદમ સફીયુલ્લાહ (અ.સ.) પર બયતુલ્લાહ નાઝિલ કીધા જેના ઈર્દ-ગિર્દ ઝમીન પર લોગો તવાફ દે છે. મૌ. આદમ બાદ તમામ ગુનાહગાર બંદાઓ પોતાના ગુનાહોંને બખ્શાવવા વાસ્તે બયતુલ્લાહના તવાફ દે છે અને દોઆ કરે છે. આ અમલ મૌલાના આદમનો હતો જેના પર હમેં તમામ ચાલીએ છીએ. બયતુલ્લાહના આ હરમમાં અબી કુબૈસનો પહાડ છે જેની મુશાબેહત મીસાક સાથે કરવામાં આવી છે અને જેના પર મૌ. આદમ અને મૌ. હવ્વાની કબરે મુબારક છે. આનાથી સાબિત થાય છે કે, આ એક પહાડનું વઝન તો શું, મીસાક તો એટલો ભારી છે કે જો હરમના તમામ પહાડને જમાઅ કરવામાં આવે તો તે મીસાકની એહમીયત અને તેના વઝનની બરાબરી ન કરી શકે.

ઉપર આપેલા ફકરા માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| અરબી | ઉર્દૂ | ફારસી |
|---|---|---|
| સૈયેદેના-અમારા સરદાર<br>સાહેબ-માન થી બોલાવ્વું<br>ઝિક્ર-યાદ<br>સબબ-કારણ<br>મુબારક<br>મૌઝેઅ-જગ્યા<br>યાઅની-મતલબ કે<br>મુઆફ<br>હરમે આમિન- અમાનવાળી જગ્યા<br>બલદે અમીન-શાંતિવાળું શહેર<br>તારીખ<br>તઆલા-મોટો<br>આલમ-જહાન<br>ઈબાદત-<br>શરફ<br>તવાફ- પરિક્રમા<br>મૌલાના<br>બયતુલ્લાહ<br>નાઝિલ<br>અમલ<br>દોઆ<br>તમામ<br>મુશાબેહત-સરખામણી<br>મીસાક-વચન<br>કબરે મુબારક<br>સાબિત<br>વઝન<br>જમાઅ-ભેગા<br>એહમીયત | નામ<br>યાદ<br>સિવાય<br>પૈદા<br>ઈર્દ-ગિર્દ-આસપાસ<br>ઝમીન<br>બરાબરી | શહેર<br>બંદા<br>ગુનાહ<br>નામઝદ<br>આસ્માન-આભ<br>ગુનાહગાર<br>ફરિશ્તાઓ |

## મક્કતુલ મુકર્રમા (ગુજરાતી માં અનુવાદ)

સૈયેદના હાતિમ બિન સૈ. ઈબ્રાહીમ આ.કુ. (ત્રીજા ધર્મગુરૂ) ઉલ્લેખ કરે છે કે, મક્કા શહેરનું નામ મક્કા એ કારણથી છે કે, આ પવિત્ર જગ્યાએ જેમ પહાડ પરથી પાણી પડે છે એ મુજબ બંદાના સર્વે ગુના પડી જાય છે એટલે કે બધા ગુના માફ થઈ જાય છે. કુરઆને શરીફમાં મક્કાને “હરમે આમિન” અને “બલદે અમીન” ના નામથી ઉલ્લેખવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા ઘણાં નામોથી આ શહેરને ઓળખવામાં આવે છે. જેમકે મક્કા, બક્કા, ઉમ્મુલ કુરા, બયતે હરામ, બલદે અમીન, મઆદ અને ફારાન.

ઈશ્વરે આ વિશ્વનું સર્જન કર્યું અને તેમાં મક્કાને પોતાની ઈબાદત (પ્રાર્થના) કરવાનું પહેલું ઘર બનાવ્યું. આકાશમાં “બયતુલ માઅમૂર” છે જ્યાં ખુદાના ફરિશ્તાઓ (દેવદૂત) તેની પરિક્રમા કરે છે અને ખુદાએ મક્કામાં હઝરત આદમ નબીના સમયમાં કાઅબા ઉતાર્યું કે જેના આસપાસ વિશ્વના મુસલમાન પરિક્રમા કરે છે. હઝરત આદમ નબી પછી બધા બંદાઓ પોતાના પાપોને માફ કરાવવા માટે કાઅબાની પરિક્રમા કરે છે અને દોઆ કરે છે. આ કાર્ય હઝરત આદમ નબીનું હતું જેના પર હમેં બધા ચાલીએ છીએ. કાઅબાની આ પવિત્ર જગ્યા પાસે અબી કુબૈસનો પહાડ છે. જેની સરખામણી મીસાક સાથે કરવામાં આવે છે. આ જ પહાડ પર હઝરત આદમ નબી અને એમના ધર્મપત્ની મૌ. હવ્વાની કબર છે. આથી સાબિત થાય છે કે, આ એક પહાડ તો શું પણ જો અગર મક્કાના બધા પહાડ ભેગા કરવામાં આવે તો પણ મીસાકની બરાબરી ન કરી શકે.

# ٢) آنكهـ

الله تعالىٰ يه انسان ني پيدائش ما آنكهـ نو عجب مقام بخشيلو چهے۔ انساني جسم ما چهرهـنے مركزي كردار جه موجب حاصل چهے، ته موجب چهره ما آنكهـنے چهے۔ چهره بدصورت هوئي تو جسمـنے كوئي عزّة انے وقار ملتو نتهي۔ هوے اگر جو آنكهـ ما نقص، قصور انے خامي هوئي تو چهره ني سوں حالت تهائي! قرآن كريم ني آنكهـ، آية الكرسي چهے كه جه امير المؤمنين مولانا علي عم ني شانات انے فضائل سي پر چهے۔ رسول الله صلع ايم فرماوتا هتا كه، آ مهارا بيوے نواسا مولانا الحسن المجتبى عم انے مولانا الحسين المظلوم عم مهاري بے آنكهو چهے يعنى كه آ بے بهائيو ني امامت مهارا دين واسطے آنكهو چهے۔ جيم هر چيز نو دروازو هوئي چهے انے تهما داخل تهاوا واسطے دروازا سي گزرؤو ضروري بنے چهے تو انسان نا عقل و فهم نو دروازو تهني آنكهـ چهے۔

آنكهـ سي جوؤ بے طرح سي چهے۔ ١) بصارت انے ٢) بصيرة۔ بصارة واسطے آنكهـنے جهاں تک كوئي چيز روشني نه آپے وهاں تک آنكهـ سي جوئي سكاتو نتهي، يعنى كه آنكهـنے پوتاني روشني هوتي نتهي۔ بصيرة يعنى كه، ته نظر كه جه عقل انے عقيدة سي تعلق راكهے۔ آنكهـ ني آ خاصية حق نا صاحب امام الزمان عم نا عهد و ميثاق بغير ممكن نتهي۔ تمام آنكهـ نے كه جه صحيح هوئي، بصارة هوئى چهے، مگر خدا نا پسنديده بنده، حق نا پيارا، داعي ني معرفة راكهناراـنے ج بصيرة ني نعمة ملے چهے۔ يعنى ته شخص هر چيزـنے عقل ني آنكهـ سي جوئي چهے۔

مولانا امام علي زين العابدين عم فرماوے چهے كه، خدا تعالىٰـنے بے طرح نا قطره سوائے كوئي بيجا قطره اتنا محبوب نتهى۔ ١) ته قطره خون نو جه راه خدا ما جهاد كرتا كرتا ايک مجاهد نا بدن سي نكلو هوئى، انے ٢) ته قطره كه جه رات نا اندهارا ما تنهائي نا عالم ما ايک عبادة گزار ني آنكهـ سي عذاب الٰهي نا خوف نا سبب نكلو هوئى۔

## ૨) આઁખ (ગુજરાતી માં રૂપાંતર)

અલ્લાહતઆલાએ ઈન્સાનની પૈદાઈશમાં આઁખનો અજબ મકામ બખ્શેલો છે. ઈન્સાની જિસ્મમાં ચહેરાને મરકઝી કિરદાર જે મુજબ હાસિલ છે, તે મુજબ ચહેરામાં આઁખનો છે. ચહેરો બદસૂરત હોય તો જિસ્મને કોઈ ઈઝ્ઝત અને વકાર મિલતો નથી, હવે અગર જો આઁખમાં નુક્સ, કુસૂર અને ખામી હોય તો ચહેરાની શું હાલત થાય! કુરઆને કરીમની આઁખ આયતુલ કુરસી છે કે જે અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની શાનાત અને ફઝાઈલથી પુર છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એમ ફરમાવતા હતા કે, આ મારા બેવે નવાસા મૌલાના હસનિલ મુજતબા અને મૌલાના હુસૈનિલ મઝલૂમ (અ.સ.) મારી બે આઁખોં છે. યાઅની કે આ બેવે ભાઈઓની ઈમામત મારા દીન વાસ્તે આઁખોં છે. જેમ હર ચીઝનો દરવાઝો હોય છે અને તેમાં દાખિલ થાવા વાસ્તે દરવાઝાથી ગુઝરવું ઝરૂરી બને છે, તો ઈન્સાનના અકલો ફહેમનો દરવાઝો તેની આઁખ છે.

આ આઁખથી જોવું બે તરહથી છે : ૧) બસારત અને ૨) બસીરત - બસારત વાસ્તે આઁખને જહાઁ તક કોઈ ચીઝ રોશની ન આપે વહાઁ તક આઁખથી જોઈ શકાતું નથી. યાઅની કે આઁખને પોતાની રોશની હોતી નથી. બસીરત યાઅની કે, તે નઝર કે જે અકલ અને અકીદાથી તઅલ્લુક રાખે. આઁખની આ ખાસીયત હક્કના સાહેબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના અહદો મીસાક બગૈર

મુમ્કિન નથી. તમામ આઁખને કે જે સહીહ હોય, બસારત હોય છે, મગર ખુદાના પસંદીદહ બંદા, હક્કના પ્યારા, દાઈના માઅરેફત રાખનારાને જ બસીરતની નેઅમત મિલે છે. યાઅની તે શખ્સ હર ચીઝને અક્લની આઁખથી જોઈ છે.

મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે, ખુદાતઆલાને બે તરહના કતરા સિવાય કોઈ બીજા કતરા એટલા મહેબૂબ નથી. ૧) તે કતરો ખૂનનો જે રાહે ખુદામાં જેહાદ કરતા કરતા એક મુજાહિદના બદનથી નિકલો હોય અને ૨) તે કતરો કે જે રાતના અંધારામાં તન્હાઈના આલમમાં એક ઈબાદતગુઝારની આઁખથી અઝાબે ઈલાહીના ખૌફના સબબ નિકલો હોય.

ઉપર આપેલા ફકરા માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| **અરબી** | **ઉર્દૂ** | **ફારસી** |
|---|---|---|
| ઈન્સાન | ચીઝ-વસ્તુ | પૈદાઈશ-જન્મ |
| અજબ-ના વિચારાય તેવો | દરવાઝો | ચહેરા |
| મકામ | રોશની-પ્રકાશ | કિરદાર |
| જિસ્મ | મગર-પણ | બદસૂરત |
| મરકઝી-અહમ | | ખામી |
| મુજબ-જેમ | | પસંદીદહ-પ્રિય |
| હાસિલ | | ઈબાદતગુઝાર |
| ઈઝ્ઝત | | |
| વકાર | | |
| નુક્સ-ખોડ | | |
| કુસૂર | | |
| હાલત | | |
| શાનાત | | |
| ફઝાઈલ | | |
| ઈમામત | | |
| દીન-ધર્મ | | |
| દાખિલ | | |
| ઝરૂરી | | |
| અક્લો ફહેમ | | |
| બસારત | | |
| બસીરત | | |
| નઝર-દ્દષ્ટિ | | |
| અકીદા | | |
| તઅલ્લુક | | |
| ખાસીયત | | |
| અહદો મીસાક | | |
| બગૈર-વગર | | |
| મુમ્કિન | | |
| માઅરેફત-સહી ઓળખ | | |
| નેઅમત | | |
| કતરા | | |
| મહેબૂબ-પ્યારો | | |
| જેહાદ | | |
| મુજાહિદ | | |
| બદન | | |
| અઝાબ | | |
| ઈલાહી | | |
| ખૌફ-ડર | | |

## આંખ(ગુજરાતી માં અનુવાદ)

ઈશ્વરે માનવ-સર્જનમાં આંખનું અનેરૂં મહત્ત્વ આપેલ છે. માનવીના શરીરમાં ચહેરાને જે મહત્ત્વ છે, તે મુજબ ચહેરામાં આંખનું મહત્ત્વ છે. ચહેરો કદરૂપો હોય તો શરીરને કોઈ માન મળતું નથી, તો જો અગર આંખમાં ખોડ-ખાંપણ અને ખામી હોય તો ચહેરાની શું હાલત થાય? કુરઆને શરીફની આંખ આયતુલ કુરસી છે કે જે હ. અલી અ.સ. ના વર્ણનથી ભરેલી છે. હ. મોહંમદ પયગમ્બર એમ ફરમાવતા હતા કે, આ મારા બંને પૌત્રા હ. હસન અને હ. હુસૈન અ.સ. મારી બે આંખો છે, એટલે કે આ બંને ભાઈઓની ઈમામત મારા ઈસ્લામ ધર્મ માટે આંખો મુજબ છે. જે મુજબ હર ચીજનો દરવાજો હોય છે અને તેમાં પ્રવેશવા માટે દરવાજામાંથી પસાર થવું પડે છે, તેથી માનવીના દિમાગનો દરવાજો તેની આંખ છે.

આંખથી જોવું બે પ્રકારનું છે. ૧) દ્દષ્ટિ અર્થમાં ૨) દિર્ઘદ્દષ્ટિ. દ્દષ્ટિ અર્થ માટે આઁખને જ્યાં સુધી કોઈ વસ્તુથી પ્રકાશ આપવામાં ન આવે ત્યાં સુધી આંખથી જોઈ શકાતું નથી. એટલે કે, આંખને પોતાનો પ્રકાશ હોતો નથી. દિર્ઘદ્દષ્ટિ એટલે કે, તે દ્દષ્ટિ જેને દિમાગથી સંબંધ હોય, આંખની આ વિશેષતા ધર્મગુરૂના મીસાક સિવાય શક્ય નથી. બધી આંખો જેને દ્દષ્ટિ હોય છે પરંતુ ખુદાના જુજ બંદાઓને, ધર્મગુરૂના આદેશોનું પાલન કરનારને જ દિર્ઘદ્દષ્ટિનો લાભ મળે છે. એટલે કે તે દિમાગની આંખથી જોઈ છે.

હ. અલી ઝૈનુલ આબેદીન અ.સ. એ ફરમાવ્યું છે કે, ખુદાએ બે પ્રકારના ટીપાં જેટલા બીજા કોઈ ટીપાં એટલા વ્હાલા નથી. ૧) તે લોહીનો ટીપો કે જે ખુદા માટે જંગ કરતા કરતા એક શહીદના શરીરથી નિકળ્યો હોય. ૨) તે આંસુનો ટીપો કે જે રાતના અંધારામાં એક બંદાની આંખથી ખુદાના ડરથી નિકળ્યો હોય.

## ٣) بكّاؤون ۔ گهنا روناراؤ

پانچ صاحبو بكّاؤون۔ گهنا آه و زاري كرنار، رونار، اٰنسو نے جاري كرنار تهيا چهے۔ ته صاحبو ماں سي پهلا مولانا آدم صفي اللهؑ چهے، جه نو بيت الحزن۔ رووانو مقام اِنے الله سي رحمة طلب كرواني جگه، مكة المكرمة چهے۔ بيجا مولانا يعقوب بن مولانا إسحاقؑ چهے، جه نو بيت الحزن رملة چهے۔ تيجا مولانا يوسف بن مولانا يعقوبؑ چهے، جه نو بيت الحزن مصر نو قيد خانو چهے۔ چوتها سيدة نسآء العالمين مولاتنا فاطمة الزهراءؑ چهے، جه نو بيت الحزن قبر رسول الله ﷺ نے قريب مدينة المنورة ماں چهے۔ پانچما رونار تيجا إمام فاطمي سيد الراكعين و الساجدين مولانا علي زين العابدينؑ چهے، جه نو بيت الحزن بيت الحسينؑ يعني مولانا إمام حسينؑ ني ديهوڑي مبارک مدينة المنورة ماں چهے۔

مولانا يعقوب اٰپنا لختِ جگر مولانا يوسف ني جُدائي ماں ته حد تک رويا كه، اٰپني بيوے آنكهو سفيد تهئي گئي۔ مولانا إمام جعفر الصادقؑ فرماوے چهے كه، جه وقت مولانا يوسف نا بهائي بنيامين سي پن مولانا يعقوب ني فراقي تهئي ته وقت اٰپ يه دعآء كيدي كه، اے مهارا پروردگار! سوں تو مهارا اوپر رحمة نهيں كرے، يهاں تک كه تو يه مهاري بيوے آنكهو پن لئي ليدي! اے مهارا خدا، حد تو ته چهے كه مهارا بے نورِ چشم، بے دكرا نے پن مهارا سي دور كري ديدا۔ ته وقت خدا تعالیٰ يه وحي كيدی كه، 'اے يعقوب، اگر يه بيوے نے ماري پن ناكها هسے تو پن هوں

اهنے زنده كريس انے تمهارا سي ملاوي اْپس۔ پن ته بكرا نے ياد كرو كه جهنے تميں ذبح كرينے بهونينے پيٹ بهرينے لذّة اٹهاوتا اٹهاوتا چٹ كري گيا۔ حالانكه تمهارا اْس پاس فلاں۔فلاں روزه دار هتا، بهوكا هتا انے تميں اهنے گوشت ماں سي كئي پن اْپو نهيں۔' خدا تعالیٰ ني اْ تنبيه سي مولانا يعقوبٌ هشيار تهئي گيا انے خدا سي توبة كيدي۔ اْ ج طرح خدا تعالیٰ پوتانا أنبياء نو بهاري ما بهاري إمتحان لے چهے جه سي خلق سبق لئي سكے۔

## ૩) બક્કાઊન - ઘણા રોનારાઓ (ગુજરાતી માં રૂપાંતર)

પાઁચ સાહબો બક્કાઊન - ઘણા આહોઝારી કરનાર, રોનાર, આઁસૂને જારી કરનાર થયા છે. તેમાંથી પહેલા મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન - રોવાનો મકામ અને અલ્લાહથી રહેમત તલબ કરવાની જગા - મક્કતુલ મુકર્રમહ છે. બીજા મૌ. યાઅકૂબ બિન મૌ. ઈસ્હાક (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન રમલહ છે. તીસરા મૌ. યૂસુફ બિન મૌ. યાઅકૂબ (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન મિસિરનું કૈદખાનું છે. ચોથા સૈયેદતો નિસાઈલ આલમીન મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન કબરે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કરીબ મદીનતુલ મુનવ્વરહમાં છે. પાઁચમાં રોનાર તીસરા ઈમામે ફાતેમી સૈયેદુર રાકેઈના વસ સાજેદીન મૌ. અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન બૈતુલ હુસૈન (અ.સ.) યાઅની ઈમામ હુસૈન (અ.સ.) ની દેવડી મુબારક મદીનતુલ મુનવ્વરહમાં છે.

મૌ. યાઅકૂબ આપના લખ્તે જિગર મૌ. યૂસુફની જુદાઈમાં એટલી હદ તક રોયા કે, આપની બેવે આઁખોં સફેદ થઈ ગઈ. મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત મૌ. યૂસુફના ભાઈ બિન્યામીનથી પણ મૌ. યાઅકૂબની ફિરાકી થઈ તે વક્ત આપે દોઆ કીધી કે, અય મારા પરવરદિગાર! શું તું મારા ઉપર રહેમત નહીં કરે, યહાઁ તક કે તુંએ મારી બેવે આઁખો પણ લઈ લીધી! અય મારા ખુદા, હદ તો તે છે કે મારા બેવે નૂરે ચશ્મ, બે દિકરાને પણ મારાથી દૂર કરી દીધા. તે વક્ત ખુદાતઆલાએ વહ્ય કીધી કે, "અય યાઅકૂબ! અગર તે બેવેને મારી પણ નાંખા હશે તો પણ એને ઝિંદા કરીશ અને તમારાથી મિલાવી દઈશ. પણ તે બકરાને તો યાદ કરો કે, જેને તમેં ઝબહ કરીને ભૂનીને પેટ ભરીને લઝ્ઝત ઉઠાવતા ઉઠાવતા ચટ કરી ગયા. હાલાંકે, તમારા આસપાસ ફલાઁ-ફલાઁ રોઝાદાર હતા, ભૂખા હતા અને તમેં એને ગોશ્ત માંથી કઈ પણ આપું નહીં." ખુદાતઆલાની આ તન્બીહથી મૌ. યાઅકૂબ હુશિયાર થઈ ગયા અને ખુદાની તૌબા કીધી. આ જ તરહ ખુદાતઆલા પોતાના અંબિયાનો ભારીમાં ભારી ઈમ્તેહાન લે છે, જેથી ખલ્ક સબક લઈ શકે.

ઉપર આપેલા ફકરા માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| **અરબી** | **ઉર્દૂ** | **ફારસી** |
|---|---|---|
| બક્કાઊન<br>જારી<br>રહેમત-કૃપા<br>તલબ<br>નિસાઈલ આલમીન<br>કરીબ<br>હદ-સીમા<br>ફિરાકી- જુદાઈ<br>વહ્ય<br>ઝબહ<br>ફલાઁ-ફલાઁ<br>તન્બીહ-ચેતવણી | લખ્તે જિગર-પ્યારા<br>સફેદ<br>પરવરદિગઝા-ખુદા<br>નૂરે ચશ્મ-લાડલો<br>અગર<br>હુશિયાર | આહોઝારી-રોવું<br>કૈદખાનું<br>હાલાંકે<br>ગોશ્ત |

| અરબી | ઉર્દૂ | ફારસી |
|---|---|---|
| તૌબા<br>અંબિયા<br>ઈમ્તેહાન<br>ખલ્ક-દુનિયાના લોકો<br>સબક-શીખ | | |

## સૌથી વધુ રોનારા (ગુજરાતી માં અનુવાદ)

પાંચ વ્યક્તિઓ ઘણા રૂદન કરનાર થયા છે. સૌ પ્રથમ હ. આદમ અ.સ. છે, જેમની રોવાની જગ્યા મક્કા છે. બીજા હ. યાઅકૂબ અ.સ. છે, જેમની રોવાની જગ્યા રમલહ છે. ત્રીજા હ. યુસૂફ અ.સ. છે, જેમની રોવાની જગ્યા મિસિરની જેલ છે. ચોથા મૌ. ફાતેમા અ.સ. છે, જેમની રોવાની જગ્યા હ. મોહંમદ પયગમ્બરની કબરની પાસે છે. પાંચમાં ઘણું રડનાર વ્યક્તિ સ. અલી ઝૈનુલ આબેદીન અ.સ. છે, જેમની રોવાની જગ્યા આપના પિતાશ્રીનું ઘર-મદીનામાં છે.

હ. યાઅકૂબ અ.સ. આપના પુત્ર હ. યુસૂફ અ.સ. ના વિયોગમાં એટલા રડયા કે આપની બંને આંખો સફેદ થઈ ગઈ. ઈમામ જાઅફર અ.સ. એ ફરમાવ્યું કે, જ્યારે હ. યુસૂફના ભાઈ બિન્યામીનથી પણ હ. યાઅકૂબની જુદાઈ થઈ ત્યારે આપે દોઆ કીધી કે, અય ખુદા! શું તું મારા ઉપર કૃપા નહીં કરે, જ્યારે કે તુંએ મારી બંને આંખો પણ લઈ લીધી છે! અય મારા ખુદા, મારા બંને પુત્રોને પણ મારાથી દૂર કરી દીધા. ત્યારે ખુદાએ માહિતી આપી કે, “ઓ યાઅકૂબ! જો તે બંનેને મારી નાંખ્યા હશે તો પણ હું તેઓને ફરીથી જીવિત કરીને તેમની સાથે તમારો મેળાપ કરાવી આપીશ. પણ તે બકરાને સ્મરણ કરજો જેની તમે કુરબાની કરીને પેટ ભરીને ખાઈ ચુક્યા, ત્યારે તમારા આસપાસ ઘણા ભૂખ્યા લોકો હતા. તમે એમને એમાંથી કશું આપ્યું નહીં.” ખુદાની આ ચેતવણીથી હ. યાઅકૂબ સાવધ થઈ ગયા અને ખુદાની માફી માંગી. આ પ્રમાણે ખુદા પોતાના પયગમ્બરોની અઘરામાં અઘરી પરિક્ષા લે છે. જેથી બીજાઓને બોધ મળે.

# કવિતાઓ

૪૧ માં ધર્મગુરૂ સૈયેદના ફખરૂદ્દીન સાહેબના કાવ્યસંગ્રહ - દીવાને હસીન માંથી આ કવિતાઓ લેવામાં આવી છે. આ કવિતાઓ **LDA** માં વડોદરામાં ૧૩૨૫-૧૩૩૫ હિ. (૧૯૦૮-૧૯૧૮ ઈ.સ.) દરમિયાન લખવામાં આવી છે.

### ૧) નવા મકાન માટે બૈત (કાવ્ય-પંક્તિઓ)

૧)

| | |
|---|---|
| ઈલાહી આ મકાઁ ને રાખ આબાદ,<br>એના બદખ્વાહને કરજે તું બરબાદ. | الهي آ مكاں نے راكھ آباد<br>يهنا بد خواه نے كرجے تو برباد |
| અર્થ : ઈશ્વર આ મકાનને રાખ સુરક્ષિત,<br>એના કુભાવ વાળાનો કરજે તું નાશ. | |

૨)

| | |
|---|---|
| અતા કર ઉમ્રમાં એની બરકકત,<br>ઝિયાદહ કર એની દૌલત ને હશમત. | عطا كر عمر ما يهني بركت<br>زياده كر يهني دولة نے حشمة |
| અર્થ : આપ તુ વરદાન અમેને દિર્ઘાયુ ની<br>વધારો કર તું એની ધન-સંપત્તિ ને પ્રતિષ્ઠામાં. | |

૩)

| | |
|---|---|
| ન પહોંચે કોઈ આફત આ મકાઁ માં,<br>આ ઘરને રાખજે અમનો અમાઁ માં. | نه پهنچے کوئي اٰفت يه مکاں ما<br>يه گهرنے راکهجے امن و اماں ماں |
| અર્થ : ના આવે કોઈ આપત્તિ આ મકાનમાં,<br>રાખજે આ ઘરને હર સમય સુરક્ષિત. | |

૪)

| | |
|---|---|
| મોહય્યા કર એની રોઝીના અસ્બાબ,<br>એસી ખુશ થાય એના ખ્વૈશો એહબાબ. | مهيا کر يهني روزي نا اسباب<br>يه سي خوش تهائي يهنا خويش واحباب |
| અર્થ : સજ્જ કર તું એમની આજીવિકાના સાધન,<br>જેથી રાજી થાય એના સર્વ કુટુંબીજનો. | |

૫)

| | |
|---|---|
| એની આસાન યા રબ કરજે મુશ્કિલ,<br>એની ઉમ્મીદ દિલની કરજે હાસિલ. | يهني اٰسان يارب کرجے مشکل<br>يهني اميد دلني کرجے حاصل |
| અર્થ : સરળ કરજે તું એમની સર્વે અડચણ,<br>દિલની આશાઓને એમની કરજે તું પુરી. | |

૬)

| | |
|---|---|
| ઈલાહી બખ્શ એના ઘરમાં રાહત,<br>ન પહોંચે એને કઈ દુનિયાની આફત. | الهي بخش يهنا گهر ما راحة<br>نه پهنچے يهنے کئي دنيا ني اٰفت |
| અર્થ : ઈશ્વર આપજે એના ઘરમાં નિરાંત તું,<br>ન પહોંચે એને કોઈ સંસારની આપત્તિ. | |

૭)

| | |
|---|---|
| એની યા રબ ઝિયાદહ આબરૂ કર,<br>એને બેવે જહાઁ માં સુર્ખરૂ કર. | يهني يارب زيادة اٰبرو کر<br>يهنے بيوے جهاں ما سرخرو کر |
| અર્થ : એની એ ઈશ્વર પ્રતિષ્ઠામાં વધારો કર,<br>એને બંને લોક માં માનવંતા કર. | |

ઉપર આપેલી પંક્તિઓ માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| **અરબી** | **ઉર્દૂ** | **ફારસી** |
|---|---|---|
| ઈલાહી-મારા રબ | આબાદ | બદખ્વાહ-ખરાબ ઇચ્છા |
| મકાઁ | બરબાદ | ખ્વૈશો એહબાબ-સગાઓ |
| અતા | ઝિયાદહ-વધારે | ઉમ્મીદ |
| ઉમ્ર-વય | દૌલત | આબરૂ |
| બરકકત | રોઝી | જહાઁ |
| હશમત | ખુશ | સુર્ખરૂ |
| આફત | આસાન | |

| અરબી | ઉર્દૂ | ફારસી |
|---|---|---|
| અમનો અમાઁ<br>મોહય્યા<br>અસ્બાબ<br>મુશ્કિલ<br>હાસિલ<br>રાહત<br>દુનિયા | બખ્શ-આપ | |

## ૨) જ્ઞાનપ્રાપ્તિ માટે બૈત (કાવ્ય-પંક્તિઓ)

૧)

| |
|---|
| اؤں چھے کتابو ماں نبي کهتا تها هر بار،      ائے حيدر کرار،<br>لکھواسيےنے پڑھواسي نه تهاسو تميں بيزار،      ائے حيدر کرار، |
| આઉં છે કિતાબોં માં નબી કહેતા થા હરબાર, અય હયદરે કર્રાર (નબી સાહેબ ના ઉત્તરાધિકારી એટલે હઝરત અલી),<br>લિખવાસી ને પઢવાસી ન થાસો તમેં બેઝાર, અય હયદરે કર્રાર. |
| અર્થ :   આવ્યું છે પુરાણ (ગ્રંથો) માં નબી કહેતા હતા હર વખત,  અય હયદરે કર્રાર,<br>લખવાથી ને પઢવાથી ન થાજો તમે બેપરવાહ, અય હયદરે કર્રાર. |

૨)

| |
|---|
| الله سي جه لوگو په اوتري چھے نبوت،      نے علم ني دولت<br>ته علم عطا تمنے کرے ايزد غفار،      ائے حيدر کرار |
| અલ્લાહ સી જે લોગો પ ઉતરી છે નુબૂવત, ને ઈલ્મની દૌલત,<br>તે ઈલ્મ અતા તમને કરે અયઝિદે ગફ્ફાર, અય હયદરે કર્રાર. |
| અર્થ :   ઈશ્વર થી જે લોકો પર ઉતરી છે પેગંબરી, ને જ્ઞાન અપાર,<br>તે જ્ઞાન થી સંપન્ન તમને કરે ઈશ્વર, અય હયદરે કર્રાર. |

૩)

| |
|---|
| عالم جه چھے اٰفاق ماں چھے تهني فضيلت،      عقبى ماں چھے جنة<br>هر وقت گرم راکھو تميں علم نو بازار،      ائے حيدر کرار |
| આલિમ જે છે આફાક માં છે તેની ફઝીલત, ઉક્બા માં છે જન્નત,<br>હર વક્ત ગરમ રાખો તમેં ઈલ્મના બાઝાર, અય હયદરે કર્રાર. |
| અર્થ :   જ્ઞાની જે છે આકાશ માં છે તેની શ્રેષ્ઠતા, મળશે તેમને સ્વર્ગ,<br>હંમેશા ગરમ રાખો તમેં જ્ઞાનના બજાર, અય હયદરે કર્રાર. |

૪)

| |
|---|
| پيساؤ سي خدمت سي کرو علمنے پيدا،      چھے حکم خدا نا<br>اللهنے جاهل سي چھے هر حال ما إنکار،      ائے حيدر کرار |
| પૈસાઓ સી ખિદમત સી કરો ઈલ્મ ને પૈદા, છે હુકમ ખુદા ના,<br>અલ્લાહને જાહિલ સી છે હર હાલમાં ઈન્કાર, અય હયદરે કર્રાર. |
| અર્થ :   ધનથી, સેવાથી કરો જ્ઞાન ને જીવંત, ઈશ્વરનો છે આદેશ,<br>ઈશ્વરને અજ્ઞાનીનો છે હર સમય અસ્વીકાર, અય હયદરે કર્રાર. |

૫)

| |
|---|
| دنيا ما نتهي كوئي هنر علم تهي افضل، رتبة ما چهے اوّل<br>عالم تهيا الله سي حاكم انے سردار، ائے حيدر كرار |
| દુનિયામાં નથી કોઈ હુનર ઈલ્મ સી અફઝલ, રૂત્બામાં છે અવ્વલ,<br>આલિમ થયા અલ્લાહ સી હાકિમ અને સરદાર, અય હયદરે કર્રાર. |
| અર્થ : વિશ્વમાં નથી કોઈ કળા જ્ઞાનથી શ્રેષ્ઠ, પ્રતિષ્ઠામાં છે પ્રથમ,<br>જ્ઞાની થયા ઈશ્વરથી સમ્રાટ અને આગેવાન, અય હયદરે કર્રાર. |

ઉપર આપેલી પંક્તિઓ માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| **અરબી** | **ઉર્દૂ** | **ફારસી** |
|---|---|---|
| નુબૂવત<br>ઈલ્મ- જ્ઞાન<br>આલિમ- જ્ઞાની<br>આફાક-આકાશ<br>ફઝીલત<br>ઉકબા-સ્વર્ગ<br>જન્નત<br>ખિદમત<br>હુકમ<br>જાહિલ-અજ્ઞાની<br>ઈન્કાર<br>અફઝલ-ઊંચું<br>રૂત્બા<br>અવ્વલ-પહેલો<br>હાકિમ-રાજા | હરબાર<br>ગરમ<br>બાઝાર<br>હાલ | બેઝાર<br>અયઝિદે ગફ્ફાર-ખુદા<br>હુનર<br>સરદાર |

## ૩) કુરઆનને પઢવાના પ્રોત્સાહન માટેની બૈત (કાવ્ય-પંક્તિઓ)

૧)

| | |
|---|---|
| નમાઝે સુબ્હ પઢીને કુરઆનને પઢજો,<br>પછી રિઝિકના તલબ કરવામાં કદમ ધરજો. | نماز صبح پڑهيے قرانے پڑهجو<br>پچهي رزق نا طلب كرواما قدم دهرجو |
| અર્થ : નમાઝે પ્રભાત પઢીને કુરઆનને પઢજો,<br>પછી આજીવિકા મેળવવા માટે કદમ ભરજો. | |

૨)

| | |
|---|---|
| કુરઆઁ પઢીને જે કોઈ દુકાનને ખોલે,<br>ખુદા તે લોગોની રોઝીના દરવાઝા ખોલે. | قراں پڑهيے جه كوئي دكانے كهولے<br>خدا ته لوگو ني روزي نا دروازه كهولے |
| અર્થ : કુરઆન પઢીને જો કોઈ દુકાનને ખોલે,<br>ઈશ્વર તે લોકો માટે સમૃદ્ધિના દરવાજા ખોલે. | |

૩)

| | |
|---|---|
| કુરઆન પઢવાસી આસાન મુશ્કિલોં થાસે,<br>કુરઆન પઢસે તે જન્નતની નેઅમતોં ખાસે. | قرآن پڑھوا سي آسان مشكلو تهاسے<br>قرآن پڑھسے ته جنت ني نعمتو كهاسے |
| અર્થ : કુરઆન પઢવાથી સરળ મુશ્કિલો થાશે,<br>કુરઆન પઢશે તે સ્વર્ગનું સુખ માનશે. | |

૪)

| | |
|---|---|
| કુરઆન પઢવું તે છે વાત કરવું અલ્લાહ સી,<br>હરએક હરફમાં છે રહેમત ઉતરવું અલ્લાહ સી. | قرآن پڑھؤوں ته چهے وات كرؤوں الله سي<br>هر ايک حرف ما چهے رحمة اوترؤوں الله سي |
| અર્થ : કુરઆન પઢવું તે છે વાત કરવું ઈશ્વરથી,<br>હર અક્ષરમાં છે આશિષનું ઉતરવું ઈશ્વરથી. | |

૫)

| | |
|---|---|
| ઘના સવાબ મિલે છે કુરઆન પઢવામાં,<br>દરાઝી ઉમ્રની છે એના યાદ કરવામાં. | گهنا ثواب ملے چهے قرآن پڑھوا ماں<br>درازي عمر ني چهے يهنا ياد كروا ماں |
| અર્થ : ઘણું પુણ્ય મળે છે કુરઆન પઢવામાં,<br>દીર્ઘાયુ છે એના યાદ કરવામાં. | |

૬)

| | |
|---|---|
| કુરઆન પઢવાસી રહેમત ખુદાની નાઝિલ થાય,<br>કુરઆઁ જે ભુલે તે હક્કના ગઝબમાં દાખિલ થાય. | قرآن پڑھوا سي رحمة خدا ني نازل تهائي<br>قرآں جه بهولے ته حقنا غضب ما داخل تهائي |
| અર્થ : કુરઆન પઢવાથી આશિષ ઈશ્વરની થાય,<br>કુરઆન જે ભુલે તેનાથી ઈશ્વર ક્રોધિત થાય. | |

૭)


| | |
|---|---|
| કુરઆન પઢનારા આઝાદ છે જહન્નમ સી,<br>ખુલાસી આપસે કુરઆઁ મુસીબતો ગમ સી. | قرآن پڑھنارا آزاد چهے جهنم سي<br>خلاصي آپسے قرآں مصيبتو غم سي |
| અર્થ : કુરઆન પઢનારા આઝાદ છે નર્ક થી,<br>રક્ષણ આપશે કુરઆન સર્વ સંકટ થી. | |

ઉપર આપેલી પંક્તિઓ માં વપરાયેલા અરબી, ઉર્દૂ અને ફારસી ભાષા ના શબ્દો:

| **અરબી** | **ઉર્દૂ** | **ફારસી** |
|---|---|---|
| સુબ્હ-સવાર<br>રિઝ્ક- આજીવિકા<br>તલબ<br>કદમ-પગ | રોઝી- સમૃદ્ધિ<br>દરવાઝા<br>યાદ<br>આઝાદ | નમાઝ<br>દરાઝી ઉમ્ર-લંબી આયુ |


| અરબી | ઉર્દૂ | ફારસી |
|---|---|---|
| દુકાન<br>હરફ-અક્ષર<br>સવાબ<br>નાઝિલ<br>હક્ક-ખુદા<br>ગઝબ-ગુસ્સા<br>દાખિલ<br>જહન્નમ-નર્ક | ખુલાસી-છુટકારો | |

**૩૧ માં ધર્મગુરૂ સૈયેદેના બદરૂદ્દીન હસન સાહેબ જે અહમદાબાદમાં ૧૦૪૭-૧૦૯૦ હિ. / ૧૬૩૭-૧૬૭૯ ઈ. માં હતા તેમની ફાલનામાની કિતાબ માંથી એક પેજનું ગુજરાતીમાં રૂપાંતર અને સાથે અઘરા શબ્દોંની સમઝ :**



“અચ સાઈલ (પૂછનાર), હુશિયાર ! થા તું એ વાત કરવાથી કે લોક (લોકો) ફિત્નત (ખરાબી, ફસાદ) માહિ (માં) પાડવા હટાવે છે તુહના (તુંને) કંઈકના બાઝ થકી (થોડાથી) કે ઉતારૂં છે અલ્લાહતઆલાએ તું દિહૂં (તારા વાસ્તે). અચ સાઈલ, નિર તું (ઉમ્મીદ કર તું) કર તું એ અમર થકી (કામથી) તેથી જે તે નિચ્યતોં કીધું છે તે કામ ઉપર પછી યારી માંગ તું અલ્લાહ કરે. પછી તેહકીક (ચોક્કસ) અલ્લાહ ચૌરોશે (છોડાવશે) તુહને (તુંને) તે કૌમની ફિત્નત થકી (થી). અમ્મા (એટલા માટે) કૌમ સહૂ (સૌ) તે કામ ઉપર ફિત્નત તો સરશે ઘણી કરે છે (કષ્ટ પહોંચાવવામાં કોઈ અવસર છોડતા નથી), અને સહેર (જાદૂ) કરે છે અને દગો કરે છે. હુશિયાર થાજે તું તારી હાજત આગમજ (આગળ) અને મુક તું તે કામને કે ઈશારત (આંગળી કરવી) કરે છે તું તે કામ ઉપર અને સોંપ તું તારા અમર (કામ) ને અલ્લાહ દિહૂં (અલ્લાહ આગળ) અને તવક્કુલ (ભરોસો) કર તું તે અમર માહિ (માં) અલ્લાહ ઉપર જેમ અલ્લાહ સબર કીધા પછી તારી આસ-મુરાદ પૂરી કરે.”

**૩૫ માં ધર્મગુરૂ સૈયેદેના નૂરૂદ્દીન નૂરભાઈ સાહેબ ના પૌત્ર બદરૂદ્દીન બિન શૈખ આદમ સુરતથી ૧૨૨૩ હિ. / ૧૮૦૮ ઈ. માં ૩૭ માં ધર્મગુરૂ સૈયેદેના શમ્સુદ્દીન શૈખઅલી સાહેબને વડોદરામાં કાગઝ લખે છે જેનું ગુજરાતી ભાષામાં રૂપાંતર સાથે અઘરા શબ્દોની સમઝ આપવામાં આવી છે.**




**પેજ પહેલો**

"હોવલ અલીમો, તે અલ્લાહ સર્વજાણકાર છે. દોઆ અને સલામ પઢા પછી, ઈઝ્ઝત અને એહતેરામ આપા પછી અમારા સરદાર, રાહબર અને દાઈ શૈખઅલી બિન સૈયેદેના શમ્સુદ્દીન તથા આપની ઔલાદની ઉંમરને અલ્લાહ વધારે અને આપના દુશ્મનને ખાડામાં નાંખે. આપનો સાયો અમારા પર હંમેશા રાખે મોહંમદ (સ.અ.) અને આપની આલના વાસ્તાથી."

"જણાવવાનું કે, સુરતના મુબારક બંદરથી દોઆ કરી કાગઝ લખનાર બદરૂદ્દીન બિન શૈખ આદમનો દોઆ સલામ વાંચજો. આજે અહીં ખૈર-સલાહ (મજામાં) છે પૂજ ને (તમારી) ખૈર-સલાહનો કાગઝ આયો (આવો), તે વાંચી હકીકત માલૂમ કીધી. બીજું તમેં લખું છે કે મલીકભાઈનો રોઝગાર (વેપાર) ચાલે છે યા કે નહીં તે તમેં (જાણો) થોડો ઘણો ચાલે છે, પણ ફાયદો રોઝગાર મધે (માં) રહ્યો નથી. બીજું આપના રૂપિયાના આપવાની આસરી (વાત) તમેં લિખું તૂં તે તમેં હમણા આપો આહવું (એવું) માલૂમ થાતું નથી. આ વાસ્તે કે ઝાહિર મધે (માં) રોદની ઘણી રોઈ છે, પછી બાતિન (અંદર) ની વાત તો હક્કતઆલા (ખુદા) જાણે. કદાશ (કદાચ) પૂજની ખાતિર માહે આવે (તમને લાગે) તો એક કાગઝ દિવાલી બાદ રૂપિયાને તલબનો (માંગવાનો) લખી જોજો કે જો એ શો (શું) જવાબ તમને દે છે. બીજું તાજખાન પણ માહે શાઅબાનુલ કરીમ (હિજરી સાલનો આઠમો મહિનો) માં સુરત આવનાર છે તે આવશે તો અમીરૂદ્દીનની ખત્નાના વીવા પણ માહે શવ્વાલમાં (હિજરી

સાલનો દસમો મહિનો) કરે તો કરે - મામાજી એમ કહેતા હતા કે, તાજખાનને રૂપિયા દુકાન મધે (માં) ચોરી ઘણા લીધા છે તે આવશે તો કહીશું કે મારી પાસે તો કઈ છે નહીં. તમારી પાસેથી રૂપિયા ખર્ચીને તમારા છોકરાના વીવા કરો અને તેમાં હફીઝને પણ પરનાવી આલો (દો), એ રીતે કહીશું. કદાશ (કદાચ) તાજખાન રૂપિયા ખારશે (કાઢશે) તો શાદી થાશે. એ રીતે મામાજી હમારી બૂ આકલ (આગળ) કહેતા તા (હતા). પછી તો એના દિલની હકીકત."



**પેજ બીજો**

"તો ખુદાને માલૂમ કે સા વાસ્તે એમ કહેતા હશે. બીજું તમને હમારી માસીયોને મિલવાની ઉમ્મીદ ઘણી હતી કે અકબર અલી એના છોકરાના વીવા કરશે તિવારે (ત્યારે) તેરાવશે (બોલાવશે) તે તમેં અકબરઅલી છોકરાના વીવા કરનાર નથી. ખત્ના કપાવી નાંખે અને એમ કહે છે કે પરનાવીશું તિવારે કરીશું તે જાણજો. બીજું બહેન નેઅમતબુ સાહેબ તમેં જેમ પરદેસ છે તે રીતે હમે પણ ભાઈને મન ખોયા પરદેસ છે. હમને કદી બુના યા કે બાવાના ઘરમાં તેરા નથી. તમેં ગયા તિવાર પછી એકવાર કૈયમબુને છક્રીમાં ચારખરી જઈને આયા (આવા) છે, તે જાણજો. બીજું બહેન સાહેબ, ભાઈએ બેવે બહેનોનું દિલ આઝુરદા (દુ:ખી) કરીને સાસરા કીધા છે તે ખુશી હાસિલ થાનાર નથી, તે જાણજો. બીજું હફીઝબુને માહે રજબ (હિજરી સાલનો સાતમો મહિનો) ની આગિયારમી દિયે (દિને) પહેલે વાર કરી તીરાઁ છે (પહેલીવાર તેડાવા છે) અને પરણે પણ માનકા તિવારે કહ્યું કે, મારી પાસે હમણા પૈસો નથી. ૨ વરસની બોલી કીધી, તે બે વરસ પછી પરણી આપિસ, તે જાણજો. બીજું કે બહેન હમેં સારી (સાડી) નું પૂછાયું તિવારે કહ્યું કે, એ સારી ટૂંકી છે તે તમને આલી (આપી) છે તે ઈતના (એટલા) બે ઓરના (ઓઢણા) કરીને ઓરજો (ઓઢજો). બીજું તમેં અકબરઅલી ઉપર જવાબ લિખો હશે કે શૈખ આદમને કહીને નિકાલ કરજો તે પૂજ (તમેં)

આજ દિન સુધી તો કંઈ કહ્યું નથી અને હવેથી પણ એવું કહેનાર નથી સા વાસ્તે કે એહુંને (એને) તો ઘણું ખાસ (સારૂં) થયું કે સર્વે (બધું) મૌકૂફ થયું છે, તે જાણજો. બીજું તમે આ કાગઝની હકીકત કોઈને ઝાહિર કરશો ના. પૂજ (તમને) આ કાગઝ ઉતાવલે લિખો છે. કમ-ઝિયાદહ માફ કરજો."

૩ શાઅબાન ૧૨૨૩ હિ. મંગળવાર

૨૩/૯/૧૮૦૮ ઈ.

**૩૫ માં ધર્મગુરૂ સૈયેદેના નૂરૂદ્દીન નૂરભાઈ સાહેબ સુરતથી ૧૧૭૫ હિ. / ૧૭૬૨ ઈ. માં પોતાના મીયાઁસાહેબને લેટર લખે છે તેનું ગુજરાતી ભાષામાં રૂપાંતર અઘરા શબ્દોની સમઝ સાથે આપવામાં આવી છે.**



## સીધું લખાણ

હોવલ કવીયુલ મતીન

(તે અલ્લાહ ભારી તાકતવાલો છે)

"બિરાદરે અઝીઝ (પ્યારા ભાઈ), મીયાં શમ્સુદીન અલ્લાહતઆલા તમને લઈન ઈબ્લીસ (શયતાન) ના શર (ખરાબી) થી સલામત રાખે. આલે મોહંમદના મમ્લૂક (ગુલામ) નૂરૂદીન બિન શૈખઅલીના દોઆ અને સલામ વાંચજો. બીજું ભાઈ તમારી લિખી હૂંડી એક આવી (હૌદી) રૂપિયા એકસો એકને તે મુદે (તેમાં) રૂપિયા ૬૫ ભરા છે, બાકી રૂપિયા ૨૦ ભરીશે. રૂપિયા ૧૬ તમેં દેગના રૂપિયા માહેથી (માંથી) લઈને ખર્ચ કરજો. ભાઈ અહિંયા તો કોઈ અપની જમાઅત માહે આલે (આપે) તે આસામી નથી જ. તેનો હાલ તમને રોશન છે (એટલે કે તમેં જાણો છો). ભાઈ, મોટા ભાઈના મુલ્લાં નૂરભાઈ સરવે (બધા) વરોદરા (વડોદરા) આવ્યા છે. તેઓ અપન પાસે વાર પાઁચ-સાત આવ્યા હતા, રિફાકત (હમદર્દી) ઘણી રાખે છે. તે વાસ્તે એહોના લોક (તેઓ) પર રિઆયત (આસાની) થઈ આવે તો ઘણું ખાસ થાય. બીજું અહિંયાનો અહેવાલ સરવે રોશન છે. થોડું લિખું તે ઘણું કરી જાણજો. મીયાઁ શૈખભાઈ બિન મોહંમદહુસેન અને ચાંદભાઈ અહેમદજીને સલામ કહેજો અને એક સખુન (વાત) કહેજો કે, રિઆયત (સહેલાઈ) થાય તેમાં ખૂબી છે. ભાઈ, મીયાં નૂરભાઈ મુસનજીને પણ એમને લિખું છે કે, અવ્વલન (પહેલા) બે (૨) અને રૂપિયા વીસ (૨૦) આસામીનો જુમ્લો કુલ રૂપિયા છત્રીસ (૩૬) અમારી ઉપર માંદા (માંડયા) છે. ભાઈ, તેઓના માથે તો કરઝ (દેવું) છે તે વાસ્તે પહેલા કાગઝમાં પણ લિખું હતું જે રિઆયત થાય તેમ કરજો. તેઓ રિઆયતને લાયક છે. એક સખુન લિખો છે તે પૂરો કરી જાણવું. બીજું ભાઈ ઈઝ્ઝત અને હુરમત, જમાઅતનું કરવું જ સરવે તેઓને રાખી ગોયા (જાણે) અમારી રાખે. શું શું લખીએ."

## આડું લખાણ

"સરવે (પૂરી) જમાઅતમાં તાકીદ નમાઝની કરવી. સરવે ઉપર ઈખ્લાસ (ભલાઈ) થી કામ લેવું, કોઈ ભી (પણ) બુરાઈ કરવી નહીં. ભાઈ, સરવે હાઝિર મજલિસમાં મરદો બૈરો-મુમિન મુમેનાતને સલામ કહેજો. ભાઈ, શહેરે રજબ મુબારક (હિજરી સાલનો સાતમો મહિનો) અન-કરીબ આવે છે, નમાઝ-સલાતની તાકીદ કરવી. વુઝૂ-નમાઝ સરવે ને નાના-મોટાને મસ્જિદમાં બેસવાની તાકીદ કરવી. સરવેને સિખારવી (શિખવાડવું). એનો સવાબ-અજરે અઝીમ (મોટું પુણ્ય) છે. ભાઈને લિખવાની હાજત નથી. મીયાં નજમુદીન અને શૈખ તૈયેબને સલામ કહેજો. ઘરમાં સરવે ને સલામ વાંચજો."

૨૫ જુમાદીયુલ આખર ૧૧૭૫ હિ.

૨૦/૧/૧૭૬૨ ઈ.

## સંદર્ભ - **References**


- "મેલિફ્કુલ ખતૂતે વલ મુરાસેલાત" - ખઝીનતુ દ્દાઅવતિલ અલવીયહ - **Da'wat Library- Files of Letters & Correspondence-** ૧૮૧૫.
- "દીવાને હસીન" - ખઝીનતુ દ્દાઅવતિલ અલવીયહ - **Da'wat Library- Anthology of the Poems of Saiyedna Fakhruddin Saheb-** ૧૯૧૯.
- **Farhad Daftary - "The Ismailis, Their History and Doctrines", Cambridge University Press,** ૨૦૦૭.
- **Ismail K. Poonawala - "The Pillars of Islam", Da'aim ul-Islam of al-Qadi al-Nu'man, Oxford University Press,** ૨૦૦૨.
- "હક્કના દોઆતોની તવારિખ" - પ્રોગ્રેસીવ પબ્લીકેશન, સુરત- ૧૯૭૫.
- "હદાઈકો સીરતે ફોઝલાએ અહમદાબાદ" - અબ્દુત્તૈયેબ દીવાનજી, મતબએ મોહંમદી, મુંબઈ- ૧૯૪૪.
- "ઈમામ તરફની આધીનતા" - સચરાબ અબૂતુરાબી રાજકોટી - મૂળ કિતાબ અને લેખક- "કિતાબુલ હિમ્મહ ફી આદાબે અત્બાઈલ અઈમ્મહ" - સૈયેદેના કાઝી નોઅમાન - પ્રકાશક- દિવ્યજ્ઞાન પ્રકાશન, મુંબઈ- ૧૯૭૮.
- "વજહે દીન" - સૈયેદેના નાસિરે ખુસ્રૂ. અનુવાદક- ડૉ. ગુલામ અબ્બાસ દલાલ. પ્રકાશક- દારૂલ ઈલ્મ પ્રકાશન, મુંબઈ- ૧૯૯૧.
- "બેદરકારો ને ચેતવણી"- તિલ્મીઝ. મૂળ કિતાબ અને લેખક -"તન્બીહુલ ગાફેલીન"- સૈયેદેના હાતિમ સાહેબ. પ્રકાશક- ઈસ્માઈલજી હસનઅલી, રાજકોટ- ૧૯૩૬.
- "અસ્હાબુલ યમીન"- અદ્દાઅવતુલ અલવીયહ, વડોદરા- ૨૦૧૧.
- "અસ્સહીફતુ ત્તૈયેબીયહ"- અદ્દાઅવતુલ અલવીયહ, વડોદરા- ૨૦૧૦.


## Team LDA

| | |
|---|---|
| ૧) મુકાસિરૂદ્દાઅવતિલ અલવીયહ મોહંમદ ભાઈસાહેબ નૂરૂદ્દીન (દા.મ.) - **M.A. (Arabic)** | ૯૨૨૭૫૯૮૯૦૯ |
| ૨) શાહઝાદા સઈદુલ ખૈર ભાઈસાહેબ (ઝા.ઈ.) - ઈરાનમાં અરબી ઝબાનમાં ઝૈરે તાઅલીમ | ૯૩૮૬૨૨૧૪૫૨ |
| ૩) ભાઈસાહેબ બદરૂદ્દીન - ટીચર (ઝેનિથ સ્કુલ) | ૯૯૯૮૬૬૬૭૭૧ |
| ૪) રંગવાલા શીરીનબેન - ઉસ્તાદ (મદ્રસએ તૈયેબીયહ) | ૯૩૨૭૬૪૦૬૫૧ |
| ૫) પેટીવાલા અલીઅસગર - ઉસ્તાદ (મદ્રસએ તૈયેબીયહ) | ૮૪૦૧૨૨૦૮૮૬ |
| ૬) મરચાવાલા શહેનાઝબેન – પ્રાઈવેટ ટ્યૂટર | ૯૮૯૮૬૩૨૨૮૭ |
| ૭) અત્તરવાલા અસ્માબેન - ટીચર (ઝેનિથ સ્કુલ) | ૯૮૯૮૩૨૮૧૧૩ |
| ૮) નવસારીવાલા ફિન્હાસ - આસી. પ્રોફેસર (**MSU**) | ૯૪૦૮૧૫૪૪૬૮ |
| ૯) ઉમલ્લાવાલા સફીયુદ્દીન - એડમિનિસ્ટ્રેશન મેનેજર (પોલિનેટ એન્વલપ્સ) | ૯૮૨૪૩૬૯૭૩૯ |